सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૦ | ૧૦ | ૨૦૧૯ |
| નિકાલ તારીખ | : | ૨૦ | ૦૬ | ૨૦૨૪ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | |

**ગાંધીનગરના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**

**મુકામ :ગાંધીનગર.**

**<u>સેશન્સ કેસ નંબર–૫૪/૨૦૧૭</u>**

[સેકટર–૭ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–153/ 2014]

**આંક– ૧૬૨**

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR

==========================================================

**ફરિયાદી :** ધી સ્ટેટ ઓફ ગુજરાત
(રૂચિર બાલાશંકર જાતે ત્રિવેદી (બ્રાહમણ)
રહે. સેકટર–૮બી, પ્લોટ નં.૫૦૬/૧,
ગોકુળ સોસાયટી, તા.જી. ગાંધીનગર.)

**વિરૂધ્ધ**

**આરોપી :**

૧. રાયકા રબારી ઈશ્વરભાઈ રત્નાભાઈ ઉ.વ.૪૭
રહે. પ્લોટ નં.૪૬૮/૨, સેકટર–૪/બી, ગાંધીનગર.

૨. પ્રભાતભાઈ જેઠાભાઈ રબારી ઉ.વ. ૪૮
રહે. ૧૬૮, સહકાર કોલોની, સેકટર–૨૫, ગાંધીનગર.

૩. ચેલાભાઈ વિરમભાઈ રબારી ઉ.વ.૪૦
રહે. સતીના વડ પાસે, રબારીવાસ,
માણસા, જિ.ગાંધીનગર

૪. મહેશભાઈ ચેલાભાઈ રબારી ઉ.વ.૩૮
રહે. પ્લોટ નં.પર૬/૧, સેકટર–૭/બી,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| **તહોમત** | **:** | **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪ર, ૩૮૪, ૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૧ર૦(બી) તથા ૧૧૪ મુજબ....** |

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોષી |
| આરોપી નં.૧ તરફે | : | વિ.વ.શ્રી એમ.ડી.શુકલ |
| આરોપી નં.ર–૩ તરફે | : | વિ.વ.શ્રી એ.કે.ભટ્ટ |
| આરોપી નં.૪ તરફે | : | વિ.વ.શ્રી બી.આર.શર્મા |

PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR
सत्यमेव जयते

**–: ઠ રા વ :–**

**૧)** આ કામના આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪ર, ૩૮૪, ૩ર૩, ૫૦૪, ૫૦૬(ર), ૧ર૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનાના કામે નોંધાયેલ સેશન્સ કેસ નં.૫૪/ર૦૧૭ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે.

**ર)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,

આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૧ નાઓના વિરૂઘ્ધમાં આ કામના ફરીયાદીએ જમીન બાબતેના કેસો કરેલ છે જે નામ.કોર્ટમાં ચાલે છે તે કેસો કરેલા કેસો પાછા ખેંચી લેવા તેમજ સમાધાન કરી લેવા ફરીયાદીને અવાર નવાર ધાક ધમકીઓ આપી તેમજ ફરીયાદીના દીકરાને ઉઠાવી જઈ મારી નાંખવાની ધમકીઓ આપી જે કેસો પાછા નહીં ખેંચતા તેની અદાવત રાખી તા.ર/૭/૧૪ ના રોજ સાંજના સાડા સાતના સુમારે મોજે ગાંધીનગર ચ–ર સર્કલ ખાતેથી આ કામના

આરોપી નં. ૧ તથા ૨ નાઓએ ફરીયાદીને તેની ગાડી નં.જી.જે.૧૮.બી.બી.૯૯૩ માં બેસાડી અપહરણ કરી રાજસ્થાન લઈ જઈ ફરીયાદીના ખિસ્સામાંથી રૂા.૭,૦૦૦/– પડાવી લઈ ધાક ધમકીઓ આપી, ગડદાપાટુનો માર મારી રાજસ્થાન લઈ જઈ ત્યાં રાત્રે હોટલમાં મારઝુડ કરી તેમજ તા.૩/૭/૧૪ ના રોજ માણસા આરોપી નં.૩ ની ઓફિસે લાવી ત્યાં ઓફિસે આ કામના અન્ય આરોપીઓ તથા બીજા છ થી સાત માણસોએ એકબીજાના મેળાપીપણાથી તેમનો બદઈરાદો પાર પાડવા સારૂ પુર્વ આયોજીત કાવતરાબદ ફરીયાદી પાસે કોરા કાગળોમાં સહી કરવાનું કહેતાં, જે ફરીયાદીએ સહી કરવાની ના કહેતાં આરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી પેટમાં લીવરના વાઈટલ પોઈન્ટ ઉપર ઈજા પહોંચાડી ફરીયાદીને ત્યાંથી આરોપી નં.૧ નાએ ગાડીમાં બેસાડી ફરીયાદીના પગ બુટની દોરીઓથી બાંધી દઈ અને તેની ડ્રાઈવર સીટ પાછળ દબાવી દીધેલ અને ''જરા પણ આઘોપાછો થયો તો તારી ખેર નહી રહે તેમજ તારા દિકરાને જીવતો નહીં રહેવા દઈએ'' તેમ ધાક ધમકી આપી તેમજ ફરીયાદીને પેશાબ કરવા તેમજ કુદરતી હાજત લાગતાં પેશાબ કરવા કે કુદરતી હાજતે પણ નહીં જવા દઈ આરોપીઓએ ફરીયાદી ઉપર માનસિક શારીરિક ત્રાસ ગુજારી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કો.ક. ૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪૨, ૩૮૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.

૩) આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી ધ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪૨, ૩૮૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબ ના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત



PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR सत्यमेव जयते

ગુના અંગે ગાંધીનગરના પાંચમા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ, જેને ફોજદારી મુકદ્દમા નં.૭૫૯૫/૨૦૧૪ થી નોંધવામાં આવેલ. આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોય, ગાંધીનગરના પાંચમા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે ફરિયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીઓને વિના મૂલ્યે પુરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સબંધે આરોપીઓના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૯ અન્વયે આ કેસ તા.૧૯/૦૭/૨૦૧૭ ના રોજ હુકમથી ગાંધીનગરના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૫૪/૨૦૧૭ થી રજિસ્ટરે લેવામાં આવેલ.

૪) આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત હોય, નિયત ઠરાવ તારીખે આ અદાલત સમક્ષ સમન્સ આધારે હાજર થતાં, આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન થયેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪૨, ૩૮૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબના આક્ષેપિત ગુના અંગે આંક: ૧૬ થી મારા વિ.પુરોગામીશ્રીએ તહોમતનામુ ફરમાવેલ છે. આરોપીઓનું નિવેદન/પ્લી આંક:૧૭ થી આંક:૨૦ સુધી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

૫) આરોપી વિરૂધ્ધ આંક: ૧૬ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકિકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

## <u>મૌખિક પુરાવા</u>

| નં. | સાહેદનુ નામ અને વિગત. | આંક |
|---|---|---|
| ૧ | રાઘવદાન બચુદાન ગઢવીની જુબાની<br>(ગાડી તથા આરોપીઓનુ જડતી અંગેના પંચનામાના પંચ નં.૧) | ૩૦ |
| ૨ | ઈશ્વરભાઈ દલારામ રામીની જુબાની<br>(ગાડી તથા આરોપીઓનુ જડતી અંગેના પંચનામાના પંચ નં. ૨) | ૩૧ |
| ૩ | ફરિયાદી રૂચિર બાલાશંકર ત્રિવેદીની જુબાની | ૩૮ |
| ૪ | સાહેદ રાજેશકુમાર ડાહયાલાલ જોશીની જુબાની<br>(ફરિયાદીના મિત્ર) | ૫૦ |
| ૫ | સાહેદ પ્રહલાદભાઈ ગોવિંદભાઈ ચૌધરીની જુબાની<br>(ફરિયાદીના મિત્ર) | ૫૩ |
| ૬ | સાહેદ શિલ્પાબેન રૂચિરભાઈ ત્રિવેદીની જુબાની<br>(ફરિયાદીના પત્ની) | ૫૭ |
| ૭ | સાહેદ પિતાંબર ઉર્ફે પ્રેમ ભોજુમલ મહેશ્વરીની જુબાની<br>(ફરિયાદીના મિત્ર) | ૫૯ |
| ૮ | સાહેદ જયેન્દ્રસિંહ જીવણ સિંહ ચાવડાની જુબાની<br>(ફરિયાદીના મિત્ર) | ૬૫ |
| ૯ | પી.એસ.ઓ. મહિપતરામ માધવલાલ વ્યાસની જુબાની<br>(શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરનાર) | ૬૮ |
| ૧૦ | પી.એસ.ઓ. પ્રવિણ ભાઈ અંબાલાલ રાઠોડની જુબાની<br>(સેકટર– ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરનાર) | ૭૫ |
| ૧૧ | સુભાષચંદ્ર કીર્તીલાલ ત્રિવેદીની જુબાની<br>(ફરીયાદીના મિત્ર) | ૯૭ |
| ૧૨ | મેડીકલ ઓફિસર ડો.અરણીક ધીરજકુમાર પુરોહીતની જુબાની | ૧૦૩ |

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

| નં. | સાહેદનુ નામ અને વિગત. | આંક |
|---|---|---|
| ૧૩ | ફરીયાદ લેનાર પોલીસ સાહેદ બાબુભાઈ વીરાભાઈ પટેલની જુબાની | ૧૦૬ |
| ૧૪ | તપાસનીશ અધિકારી કે.મીની જોસેફની જુબાની | ૧૧૬ |

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| નં. | દસ્તાવેજની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૪૦ |
| ૨. | સ્ટેશન ડાયરી | ૭૦ |
| ૩ | એફ.આઈ.આર.ની નકલ | ૭૧ |
| ૪ | શંખેશ્વર પોલીસ સ્ટેશનનો રીપોર્ટ | ૭૬ |
| ૫ | સૂચિપત્ર તથા પી.એસ.ઓ.નો ડેપ્યુટ હુકમ | ૭૭ |
| ૬ | અસલ સ્ટેશન ડાયરી | ૭૮ |
| ૭ | અસલ એફ.આઈ.આર. | ૭૯ |
| ૮ | ફરીયાદીની સારવાર અંગેનુ મેડીકલ સર્ટી. | ૧૦૪ |
| ૯ | ફરીયાદ | ૧૦૭ |
| ૧૦ | ગાડી તથા આરોપીઓનુ જડતી અંગેના પંચનામુ | ૧૦૮ |
| ૧૧ | ફરિયાદીના ડીજીટલ એક્સ-રે રીપોર્ટ | ૧૧૭ |
| ૧૨ | સીસી ટીવી કેમેરાની ફુટેજની સીડી નંગ-૧ | ૧૩૨ |

૬) આરોપીપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| નં. | દસ્તાવેજની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | પાવર ઓફ એટર્નીની નકલ | ૪૬ |
| ૨. | બાનાખતની નકલ | ૪૭ |
| ૩ | રજીસ્ટર્ડ બાનાખતનો કરાર (કબજા વગરનો) | ૪૮ |

૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત પ્રમાણે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલા છે ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક:૧૩૭ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકિકતો અંગે આરોપીઓને ખુલાસો કરવાની તક આપી, સી આર.પી.સી.ની કલમ– ૩૧૩ હેઠળ નિવેદનો નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવમાં કોઈ સાહેદો તપાસેલ નથી પરંતુ આરોપીઓએ વિશેષ નિવેદનમાં ''સીવીલ કેસો ચાલતા હોય તે કેસોમાં દબાણ લાવવા સારૂ ફરિયાદીએ અમો આરોપીઓ વિરૂઘ્ધ ખોટી ફરિયાદ કરેલ છે અમો આરોપીઓએ આવો કોઈ ગુનો કરેલ નથી અમો તદ્દન નિર્દોષ છીએ '' તેવો બચાવ લીધેલ છે.

૮) ફરીયાદપક્ષ તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી પી.ડી.વ્યાસ તથા વકિલશ્રી ચંદ્રવદન એમ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તથા તેઓએ આંક: ૧૪૫ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી. ત્યારબાદ આરોપી નં.૧–ર–૩ તરફે વિ.વકિલશ્રી એ.કે.ભટ્ટની તથા આરોપી નં.૪ તરફે વિ.વકીલશ્રી બી.આર. શર્માને સાંભળ્યા. તેઓ તરફે અનુક્રમે આંક: ૧૫૦ તથા ૧૫૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લીધી.

વિ.સરકારી વકિલશ્રીની દલીલ એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી કે જેમણે આરોપીઓ વિરૂઘ્ધ એક જમીન બાબતે કેસ કરેલ તે કેસ પાછો ખેંચી લેવા માટે અને સમાધાન કરી લેવા માટે, દબાણ લાવવા માટે આરોપી નં. ૧ નાએ ફરીયાદીના દીકરાને ઉઠાવી જઈ મારી નાંખવાની ધમકીઓ આપતા હતા અને તેના ભાગરૂપે આ કામના ફરીયાદી જયારે પોતાના વતન ગાડી લઈને જતા હતા તે સમયે આરોપીએ પણ પોતાને એ બાજુ જવુ છે એવુ જણાવી

ફરીયાદીને ગાંધીનગર ચ–ર સર્કલે બોલાવી ફરીયાદીની ગાડીમાં બેસી ગયેલ અને ઉપરોકત હકિકત ફરીયાદીએ તેના મૌખિક પુરાવાથી સ્પષ્ટપણે સાબીત કરેલ છે. વધુમાં આરોપી નં. ર નાએ પણ આરોપી નં.૧ સાથે ફરીયાદીની ગાડીમાં ખ–પ થી બેસી ગયેલ અને તે રીતે ફરીયાદીની અટકાયત કરી રાખેલી અને ફરીયાદીનું અપહરણ કરી લઈ જઈ તેને રાજસ્થાન લઈ ગયેલા. ત્યાં એક કિંગફીશર નામની હોટલમાં ગાડી ઉભી રાખી ફરીયાદીના બુટની દોરીથી હાથ–પગ બાંધી દીધેલા અને ફરીયાદીને ભય બતાવી તેની પાસેથી રૂા.૭,૦૦૦/– બળજબરીપુર્વક કઢાવી લીધેલા છે. આ કિંગફિશર હોટલમાં ફરીયાદી તથા આરોપી ગયાનો સીસી ટીવી કુટેજના પુરાવા પરથી પણ સાબીત થાય છે. તે રીતે ફરીયાદપક્ષ એ હકિકત સાબીત કરે છે કે, આ કામના આરોપી ફરીયાદીને રાજસ્થાનમાં કિંગફિશર હોટલમાં લઈ ગયેલા. વધુમાં ફરીયાદપક્ષે એ હકિકત પણ પુરવાર કરેલ છે કે, ત્યારબાદ આરોપીઓ ફરીયાદીને વીંછીવાળા કાઠિયાવાડી હોટલના રૂમમાં લઈ ગયેલ અને ત્યાં ફરીયાદીને ગડદાપાટુથી માર મારેલ અને શરીરના વાઈટલ પાર્ટ એટલે કે લીવરના ભાગે ગંભીર ઈજા પહોંચાડેલી, તથા ફરીયાદીના દીકરાને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ફરીયાદી પાસે કોરા પેપર્સમાં સહીઓ કરાવેલ અને આરોપી મેલાભાઈની ઓફિસે માણસા ખાતે ફરીયાદીને લાવી ત્યાં બીભત્સ ગાળો બોલી તેની પાસે કાગળોમાં સહી કરાવેલી હતી. આમ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરીયાદીને પોતાની સાથે કિડનેપ કરી લઈ જઈ ગોંધી રાખી જુદા જુદા સ્થળોએ ફેરવેલ છે અને ત્યારબાદ ફરીયાદીને મોકો મળતા તેઓએ તેમના નજીકના અને જાણીતા એવા પોલીસ અધિકારીને ફોન કરતાં ફરીયાદી પોતાનો જીવ બચાવવામાં સફળ રહેલ છે અને આરોપીની શંખેશ્વર નજીકથી અટક કરી લીધેલ અને તે રીતે આ કામના ફરીયાદીનો જીવ

બચાવવામાં સફળ રહેલ છે. આમ ઉપરોકત પુરાવો આ કામના ફરીયાદપક્ષ તમામ વ્યાજબી શંકાથી પર સાબીત કરી શકેલ હોય તે રીતે આ કામના આરોપી ઓએ એકસંપ કરી ફરીયાદીનુ અપહરણ કરી તેની પાસેથી જમીન સબંધેના કેસમાંલ સમાધાન કરવા દબાણ લાવી ફરીયાદીના દીકરાને કે જે કોલેજમાં અભ્યાસ કરે છે તેને ઉઠાવી જવાની તથા મારી નાંખવાની ધમકી આપી ગેરકાયદેસરનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. તે હકિકત ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાથી પર સાબીત કરેલ છે તે સંજોગોમાં આ કામના આરોપીઓને સખત સજા કરવા અરજ કરેલ છે.

બચાવપક્ષે વિ.વકીલશ્રી એ.કે.ભટ્ટ તથા શર્મા દ્વારા લેખિત દલીલો અનુક્રમે આંક: ૧૫૦ તથા ૧૫૭ થી રજુ કરેલ છે જે વંચાણે લીધી. તથા વિધ્વાન વકિલશ્રીઓની મૌખિક દલીલો પણ સાંભળવામાં આવેલ છે. બચાવપક્ષે વિ.વકિલશ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, ફરીયાદીની ફરીયાદ હકિકત કે તેની જુબાની વંચાણે લેતાં પણ એવો કોઈ પુરાવો રજુ થયેલ નથી કે આ કામના આરોપીઓએ ફરીયાદીને બળજબરીપુર્વક ખેંચી લઈ જઈ આરોપીઓએ પોતાની ગાડીમાં ફરીયાદીને બંધક બનાવી અને તેનો અપહરણ કરેલુ. ફરીયાદી પોતાની ગાડીમાં જતા હતા તે સમયે આરોપીને તેમની સાથે બેસાડેલા તેવી હકિકત ફરીયાદીએ જણાવેલ છે અને ફરીયાદી તેના વતન મુજપુર જતા હતા તે સમયે આરોપી નં.૧ને પોતાના વતન આદરીયાણા જવાનુ હોવાનુ જણાવી આ કામના ફરીયાદી સાથે તેમની ગાડીમાં બેસેલા. આવો ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ આ કામના આરોપી નં.૧ નાએ ફરીયાદીને ફોન કરતાં ફરીયાદીએ વતનમાં જાઉં છુ તેવુ જણાવેલ છે. તે હકિકત જ બતાવે છે કે, આ કામના ફરીયાદીએ પોતે જ સામેથી આરોપીને પોતે બહાર જતા હોવાનુ જણાવેલ છે અને તે રીતે આ કામના

આરોપીઓએ કોઈ પુર્વઆયોજિત કાવતરાને અંજામ આપવા ફરીયાદીનું અપહરણ કરેલ હોય તેવુ લેશમાત્ર માની શકાય નહી. કારણ કે, આ કામના આરોપીએ ફોન કરી ફરીયાદીને બોલાવેલ હોય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર રજુ થતો નથી. તેઓની વધુમાં એવી પણ દલીલ છે કે, આ કામે ફરીયાદી કે આરોપીઓના કોઈ કોલ ડીટેઈલ્સ રજુ થયેલ નથી. આ કામે ફરીયાદીના કેસ મુજબ આરોપી નં.૧ નાએ તેમને ફોન કરેલ અને ત્યારબાદ આરોપી નં. ૨ નાને પણ ફોન કરી બોલાવેલ અને ખ–૫ પાસેથી આરોપી નં. ૨ પણ ગાડીમાં બેસી ગયેલ. તે રીતે કોલ ડીટેઈલ્સ મહત્વનો પુરાવો ગણી શકાય કે ફરીયાદીને આરોપી નં.૧ નાએ ફોન કરેલો, આરોપી નં.૧ નાએ ત્યારબાદ આરોપી નં. ૨ તે ફોન કરેલો અને અપહરણ દરમ્યાનના સમયગાળા દરમ્યાન આરોપીઓએ અન્ય કોઈને ફોન કરેલ છે કે કેમ ? ફરીયાદીએ કોઈને ફોન કરેલ છે કે કેમ ? ફરીયાદીએ કોઈનો ફોન સ્વિકારેલ છે કે કેમ ? આ સમગ્ર હકિકતો ખૂબ મહત્વનો પુરાવો હોય પરંતુ તપાસ કરનાર અમલદારે આવી કોઈ કોલ ડીટેઈલ્સ રેકર્ડ પર રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદીએ જ તેની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, તેઓએ ઈશ્વરભાઈના ફોન થી તેમના મિત્ર પિતાંબર ભોજુમલ કે જે પ્રેમ ના હુલામણા નામથી બોલાવે છે તેને બોલાવેલ અને રૂા.૪,૦૦૦/– મંગાવેલ. હવે જો ખરેખર આરોપીઓએ ફરીયાદી નું અપહરણ કરી તેની પાસેથી લુંટ કરવાના ઈરાદે પૈસા મંગાવેલા હોય તો આ હકિકત જયારે આ પ્રેમ નામની વ્યકિત પૈસા આપવા આવે ત્યારે ફરીયાદી ચોકકસપણે તેને કહી શકેલી હોત. હવે ફરીયાદીનું એવુ પણ કથન છે કે, તેમની ગાડીમાં બેબીલોક કરેલુ હતુ અને સેન્ટ્રલ લોક હોય તેથી કાચ ઉતરી શકેલા નહી. પરંતુ ફરીયાદીની જુબાની નજર સમક્ષ રાખતા તેઓને ૩ થી ૪ વાર ગાડીમાંથી ઉતરવાનુ પણ બનેલ છે. હવે જો ફરીયાદી ગાડીમાંથી ઉતરેલા હોય તો તે

સમયે પણ તેઓ હોટલમાં એટલે કે ફલેમિંગો હોટલ તથા બાંસવાડા ખાતે હોટલ માં જમવા માટે ઉતરેલા. આમ હોટલમાં જ્યારે ફરીયાદીને આરોપીએ ઉતારેલા છે તો ચોકકસપણે આ કામના ફરીયાદી બુમાબુમ કરી પોતાને બચાવવા માટે પ્રયાસ કરી શકેલા હોત. બચાવપક્ષે વધુમાં એવી પણ દલીલ છે કે, આ કામના ફરીયાદીએ ડોકટરશ્રી પાસે સારવાર કરાવેલ છે તે ડોકટરશ્રીએ આંક: ૧૦૪ થી મેડીકલ સટીફિકેટ રજુ કરેલ છે તે જોતાં ફરીયાદી પોલીસ યાદી વગર સારવાર માટે ગયેલા છે તથા બનાવ બાદ ફરીયાદી તુરંત સારવાર માટે ગયેલ છે તેમ છતાં તેઓએ ડોકટરશ્રી સમક્ષ ઈજા કરનારાઓના નામ જાહેર કરેલા નથી. શરીરના બાહય ભાગ ઉપર કોઈ ઈજાના નિશાનો દેખાયેલા ન હોવાનુ ડોકટરશ્રીની જુબાની થી પણ ફલિત થાય છે. અને ફરીયાદીને જે દવા આપવામાં આવેલી તે પેઈન કીલર તથા એસીડીટી અને ઉલ્ટીમાં રાહત આપે તે પ્રકારની હતી. આમ રજુ થયેલ તમામ પુરાવો વંચાણે લેતા આ કામના આરોપીઓએ ફરીયાદીનુ અપહરણ કરી તેને માર મારી ઈજા કરેલી હોય તેવી કોઈ હકિકત સાબીત થતી નથી. બચાવપક્ષે તેમની ઉપરોકત દલીલના સમર્થનમાં

(1) AIR 2022 SUPREME COURT 4002 (Ram Sharan Chaturvedi V/S. State of Madhya Pradesh) નો ચુકાદો રજુ કરેલ છે. રજુ થયેલ ચુકાદાની હકિકત વંચાણે લેતાં નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, આરોપીઓનુ બનાવ પહેલાનુ મીટીંગ ઓફ માઈન્ડ સાબીત કરવામાં જો ફરીયાદપક્ષ નિષ્ફળ રહે તો આરોપીઓ વિરૂધ્ધ ગુનો બનતો હોવાનુ માની શકાય નહી. ક્રિમીનલ કોન્સપરન્સી ત્યારે જ સાબીત થતી કહી શકાય કે કોઈપણ ઘટનાને અંજામ આપવા માટે આવી કોન્સપરન્સીના ભાગરૂપે રચાયેલ મંડળીમાં દરેક સભ્યની મીટીંગ ઓફ માઈન્ડ હોવુ જોઈએ.

(2) AIR 2022 SUPREME COURT 5661 (Rahul V/S. State of Delhi Ministry of Home Affairs and Anr. નામ. સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,કોઈ ચોકકસ પુરાવો રજુ થતો ન હોય તો આરોપીને તકસીરવાર ઠેરવી શકાય નહી. રજુ થયેલ ચુકાદાની હકિકત વંચાણે લેતા આરોપીના વિ.વ.શ્રીની દલીલોને સમર્થન કરે છે. તે માટેના કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

૯) આ કામે બંને પક્ષકારોની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાનમાં લઈ, કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૧ નાઓના વિરૂધ્ધમાં આ કામના ફરીયાદીએ જમીન બાબતેના કેસો કરેલ છે જે નામ.કોર્ટમાં ચાલે છે તે કેસો કરેલા કેસો પાછા ખેંચી લેવા તેમજ સમાધાન કરી લેવા ફરીયાદીને અવાર નવાર ધાક ધમકીઓ આપી તેમજ ફરીયાદીના દીકરાને ઉઠાવી જઈ મારી નાંખવાની ધમકીઓ આપી જે કેસો પાછા નહીં ખેંચતા તેની અદાવત રાખી તા.૨/૭/૧૪ ના રોજ સાંજના સાડા સાતના સુમારે મોજે ગાંધીનગર ચ-૨ સર્કલ ખાતેથી આ કામના આરોપી નં. ૧ તથા ૨ નાઓએ ફરીયાદીને તેની ગાડી નં.જી.જે.૧૮.બી.બી.૯૯૩ માં બેસાડી અપહરણ કરી રાજસ્થાન લઈ જઈ ફરીયાદીના ખિસ્સામાંથી રૂા.૭,૦૦૦/- પડાવી લઈ ધાક ધમકીઓ આપી, ગડદાપાટુનો માર મારી રાજસ્થાન લઈ જઈ ત્યાં રાત્રે હોટલમાં મારઝુડ કરી તેમજ તા.૩/૭/૧૪ ના રોજ માણસા આરોપી નં.૩ ની ઓફિસે લાવી ત્યાં ઓફિસે આ કામના અન્ય આરોપીઓ તથા બીજા છ થી સાત માણસોએ એકબીજાના મેળાપીપણાથી તેમનો બદઈરાદો પાર પાડવા સારૂ પુર્વ આયોજીત કાવતરાબદ ફરીયાદી પાસે કોરા કાગળોમાં સહી કરવાનું કહેતાં, જે ફરીયાદીએ સહી કરવાની ના કહેતાં આરોપીઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી પેટમાં લીવરના વાઈટલ પોઈન્ટ ઉપર ઈજા પહોંચાડી ફરીયાદીને ત્યાંથી આરોપી નં.૧ નાએ ગાડીમાં

બેસાડી ફરીયાદીના પગ બુટની દોરીઓથી બાંધી દઈ અને તેની ડ્રાઈવર સીટ પાછળ દબાવી દીધેલ અને ''જરા પણ આઘોપાછો થયો તો તારી ખેર નહી રહે તેમજ તારા દિકરાને જીવતો નહીં રહેવા દઈએ'' તેમ ધાક ધમકી આપી તેમજ ફરીયાદીને પેશાબ કરવા તેમજ કુદરતી હાજત લાગતાં પેશાબ કરવા કે કુદરતી હાજતે પણ નહીં જવા દઈ આરોપીઓએ ફરીયાદી ઉપર માનસિક શારીરિક ત્રાસ ગુજારી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ઈ.પી.કો.ક. ૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪૨, ૩૮૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે?

**:૨:** શું હુકમ ?

**૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:૧:** નકારમાં,

**:૨:** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદા નંબર-૧ :-**

**૧૧)** આ કામે આરોપીઓ વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આ કામના આરોપી નં.૧ ઈશ્વરભાઈ રત્નાભાઈ વિરૂધ્ધ ફરીયાદીએ કેસ કરેલ છે અને તે કેસમાં પ્રેશર લાવવા માટે સમાધાન કરી લેવા માટે આરોપી નં.૧ નાએ ફરીયાદીના દીકરાને ઉઠાવી જઈ મારી નાંખવાની ધમકીઓ આપતા હતા અને ત્યારબાદ અન્ય આરોપીઓ સાથે કાવતરૂ રચી ફરીયાદીને મહાવ્યથા પહોંચાડવાનુ અને તેને અંજામ આપવાના ભાગરૂપે આ કામના ફરીયાદી તા.૨/૪/૨૦૧૪ ના રોજ સાંજે સાત થી સાડા સાતના અરસામાં તેમના વતન જતા હતા ત્યારે આરોપી નં.૧ ના એ પોતાના વતન આદરીયાણા જવાનુ છે તેવુ કહી ફરીયાદી સાથે ગાડીમાં બેસી ગયેલ અને ત્યારબાદ આરોપી નં.૨ પણ ખ-૫ રોડ પરથી ફરીયાદી સાથે બેસી



PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

ગયેલ અને ફરીયાદીની ઈન્ડીકા કાર નં. જી.જે.૧૮.બીબી. ૯૯૩ માં અપહરણ કરી લઈ જઈ ફરીયાદીને શારીરીક ઈજા કરી ફરીયાદીના લીવરને ડેમેજ કરેલુ છે. હવે આમ, આ કામે ઉપરોકત ફરીયાદપક્ષનો કેસ નજર સમક્ષ રાખતાં વિકટીમ એટલે કે ભોગ બનનાર પોતે જ મહત્વના સાક્ષી છે.ભોગબનનારે આ કામે આંક: ૩૮ થી સોગંદ પર જુબાની આપેલ છે. ભોગબનનાર રૂચિર બાલશંકર ત્રિવેદીએ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૦૮ માં તેના પિતાએ માણસા મુકામે રામપુરી અમૃતપુરી તથા રાજેશપુરી અમૃતપુરીની સર્વે નં. ૭૦૧ પૈકીની ખેતીની જમીન બે વીઘા ખરીદ કરેલી અને વેચાણ આપનાર બંને પાસેથી અલગ અલગ દસ્તાવેજ કરાવેલા. સર્વે નં. ૭૦૧ આ બે વેચનાર ભાઈઓ ઉપરાંત અન્ય કુટુંબીજનોની પણ આ જમીન હતી. જમીનનો કબજો વેચાણ દસ્તાવેજના દિવસે ફરીયાદીએ સંભાળી લીધેલ અને સંયુકત ખાતુ જુદુ પાડી કાર્યવાહી કરવામાં આવેલી. આ પ્રક્રિયાને સમય લાગે તેમ હોય તે તેમના નામે થયેલ નહી. ત્યારબાદ બાર મહીના પછી તેના પિતાએ કહેલ કે, જમીનનુ ખાતુ હોય તો જોઈ લઈએ. અને તેનો વેરો ભરી દઈએ. તે વખતે ૭/૧૨ નો ઉતારો કઢાવવા ગયેલ ત્યારે તેમને જાણ થયેલ કે, ખાતુ જુદી પડી ઈશ્વરભાઈ રત્નાભાઈ રાયકાના નામે જે જમીન ફરીયાદીએ ખરીદેલી હતી તે જમીન તેમના નામે ચઢી ગયેલ હતી. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓએ વેચાણ આપનાર ખેડુત પાસે જઈ તપાસ કરેલી ત્યારે તેમને વેચનારાઓએ એવુ કહેલ કે, બાલશંકરભાઈ ગુજરી ગયા છે અને માણસા છોડી ચાલ્યા ગયેલ છે અને આ મૃત્યુનો દાખલો ઈશ્વરભાઈ એ તેઓને બતાવેલો. મહેશભાઈ પણ સાથે હતા. આ વખતે કહેલ કે તેઓ મારા પિતાજી હયાત છે તે દરમ્યાન રામપુરીએ કોર્ટમાં દાવો કરેલ. તે વખતે દાવો દાખલ હતો ત્યારે ઈશ્વરભાઈએ મુળ ખેડૂતના નામે દસ્તાવેજ પરત કરી આપેલો.

દસ્તાવેજ એક જ થયેલો અને રાજેશપુરીવાળો દસ્તાવેજ ઈશ્વરભાઈએ આપેલો નહી. સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ પ્રાંત અધિકારી સાહેબની કચેરી, ગાંધીનગરમાં જુની નોંધો રદ કરાવવા કાર્યવાહી કરેલી. તેઓ ગાંધીનગર પ્રાંત અધિકારી ઓફિસ આવેલા, ત્યાં મહેશભાઈ, ઈશ્વરભાઈ અને બીજા તેઓના મળતિયાઓ ચારેક વ્યકિતઓ હતા. અને તેઓએ ફરીયાદીના હાથમાં જે કાગળો હતા તે ઈશ્વરભાઈ અને મહેશભાઈ કાગળ લઈ ભાગી ગયેલા. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓ તાત્કાલીક સેકટર– ૭ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા ગયેલા ત્યારે પોલીસે એવુ કહેલ કે, આ જમીનની મેટર છે તમે કોર્ટમાં ફરીયાદ કરો. જેથી ગાંધીનગર કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ અને જમીન માણસા તાલુકાની હદમાં આવતી હોય નામ.કોર્ટે માણસા ગુનો દાખલ કરવાનો હુકમ કરેલો. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમના પિતાજીનુ અવસાન તા.૨૧/૧૨/૨૦૧૨ ના રોજ થયેલુ. તેઓએ ફરીયાદ દાખલ કરી તે અરસામાં રામપુરી બીજા ગુનામાં જેલમાં હતા. રામપુરી સામે બે ચાર્જશીટ થયેલા અને રામપુરી મળી આવતા ન હતા તેથી થોડુ ડીલે થયેલ અને પછી કેસ ચાલવા ઉપર આવેલો. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ઈશ્વરભાઈ તરફથી આ મેટરના સમાધાનનો પ્રસ્થાવ આવેલો અને તેઓએ કહેલ કે સમાધાનમાં શું કરવાનુ છે અને વચ્ચે સમાધાન કરાવનાર વ્યકિત પ્રભાતભાઈ હતા. આ પ્રભાતભાઈએ કહેલ કે, ઈશ્વરભાઈને તમારે પાંચ લાખ આપવા પડે. ત્યારે ફરીયાદીએ ના પાડેલી. ત્યારે તેના પિતાનુ અવસાન થયેલુ હોવાથી તેઓ એકલા હતા અને બજારમાં જમીનની કિંમત વધી ગયેલી હોય તેઓએ સમાધાનની હા પાડેલી. સમાધાન પેટે ટુકડે ટુકડે રૂા.૩,૨૨,૦૦૦/– એક મહીનાની અંદર ચુકવી આપેલા અને સમાધાનમાં ભવિષ્યમાં મનદુ:ખ ન રહે અને જમીન ઈશ્વરભાઈના નામેથી પોતાના નામે કરી આપવાની વાત હતી.

સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓએ લીંબોદરા ગામે એક જમીન ખરીદેલી હતી. અને ખેડૂત ખાતેદારોનો દાખલો લેવા માટે મુજપુર, તા.શંખેશ્વર જવાનુ હતુ. સાંજે છ થી સાત વાગે ઘરેથી નીકળવાના હતા. નીકળતા હતા તે વખતે ઈશ્વરભાઈનો ફોન આવેલ અને પુછેલ કે તમે કયાં છો. ત્યારે કહેલ કે, મોજપુર દાખલો લેવા જાઉં છુ ત્યારે ઈશ્વરભાઈએ કહેલ કે, તમે ત્રણ થી ચાર હજાર રૂપિયા આપતા હોય અને તમે એ બાજુ જતા હોય તો મારે એ બાજુ આવવુ છે. મારી પાસે તે વખતે હોન્ડા કંપનીની બ્રીઓ ગાડી હતી જેનો નં. જી.જે.૧૮.બી.બી.૦૯૯૩ હતો. ઈશ્વરભાઈનો મોબાઈલ નંબર યાદ ન હોવાનુ સાહેદે જણાવેલ છે. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ઈશ્વરભાઈને એવુ કહેલ કે, આવો જાવ, પૈસા ગમે ત્યાંથી મંગાવી લઈશ. તે વખતે તેના મોબાઈલમાં પુરતુ ચાર્જીંગ ન હતુ. તેથી ઈશ્વરભાઈના ફોન થી તેના મિત્ર પિતાંબર ભોજુમલને કે જે પ્રેમના હુલામણા નામથી પણ ઓળખાય છે. ફોન કરેલ અને રૂા.૪,૦૦૦/- મંગાવેલા અને ચ-૨ સર્કલ ઉપર આવી રૂા.૪,૦૦૦/- આપી ગયેલ. તે વખતે તેની પાસે રૂા.૩,૦૦૦/- હતા. આમ તેની પાસે કુલ ૭,૦૦૦/- રાએલ. ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, તેઓ અને ઈશ્વરભાઈ ચ-૨ સર્કલથી નીકળી ખ રોડ બાજુ જતા હતા ત્યારે ઈશ્વરભાઈ એ કહેલ કે, પ્રભાતને સાથે લઈએ અને તેઓને પણ વતન આવવુ છે તો તમને કોઈ વાંધો છે ત્યારે એવુ કહેલ કે કોઈ વાંધો નથી અને ખ-૬ સર્કલ ઉપર ઉભા હતા ત્યાં પ્રભાતભાઈ આવી ગયેલ અને મસાલા અને સીગારેટ રસ્તામાં પીવા માટે ઘ-૬ સર્કલ તરફ ગાડી લઈ લો તેવુ કહેતા ગાડી તે તરફ લઈ લીધેલી. પોતે ગાડી ચલાવતા હતા. ઈશ્વરભાઈ અને પ્રભાતભાઈ પાનબીડી લેવા ગયેલા અને તેઓ લઈને પરત આવેલા ત્યારે ઈશ્વરભાઈએ કહેલ કે, રાત્રિનો સમય છે ગાડી પ્રભાતભાઈને ચલાવવા આપો, તેથી ગાડી ચલાવવા આપેલી.અને તેઓ

ખાલી સાઈડની પાછળની સીટમાં બેસી ગયેલા. પ્રભાતભાઈએ ગાડી ચ રોડ તરફ ચલાવેલી ત્યારે પુછેલુ કે ગાડી કઈ દિશામાં ચલાવો છો ત્યારે પ્રભાતભાઈએ કીધેલ કે આગળથી પાછી વાળી લઉં છું. અને પછી તે લોકોએ ગાડી પાછી વાળેલી નહી અને ઈશ્વરભાઈ, પ્રભાતભાઈની બાજુમાં આગળ બેઠા હતા ત્યારે પોતાની સીટ પુશબેક કરી પાછળ લઈ અને ફરીયાદીને ફેંટ મારી ગાળો બોલી કહેલ કે, છાનો માનો બેસી રહે અને અમે કહીએ તેમ કર, ગાડી ચિલોડાથી હિંમતનગર તરફ લીધેલી.ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે, તેમની ગાડી સેન્ટ્રલ લોક હોવાથી કાચ કે દરવાજા ખુલેલા નહી અને ગાડીમાં બેબીલોક મારેલુ હતુ. ગાડી હિંમતનગરથી શામળાજી તરફ જવા લાગેલી. શામળાજી પહેલાં ગાડી અંધારામાં ઉભી રાખેલી જે ગુજરાત બોર્ડર ક્રોસ થાય તે પહેલાં હતી અને તેની પાસેથી ઈશ્વરભાઈએ રૂા.૭,૦૦૦/- લૂંટી લીધેલા અને તેનો મોબાઈલ ગાડીમાં ડેસ્કબોર્ડ પરથી લઈ લીધેલો અને તેના બુટની દોરી જે લાંબી હતી તે કાઢીને તેના પગ સીટ સાથે બાંધી દીધેલા અને હાથ પાછળ બાંધી દીધેલ અને આગળની સીટ તેના ઉપર આડી કરેલી હતી. બોર્ડર ક્રોસ થયા પછી ગાડી કિંગફિશર આગળ અંધારામાં ઉભી રાખેલ અને એવુ કહેલ કે તને બહાર કાઢીએ છીએ અને તારો છોકરો જે કોલેજમાં છે તેને ઉઠાવી લઈશુ અને ઘણા માણસો રાખેલા છે એમ કરી કિંગફિશર હોટલ ઉપર ગયેલા. ત્યાં કોઈ ખાસ માણસો ન હતા અને તેની સામે જ હોટલમાં ઈશ્વરભાઈ અને પ્રભાતભાઈએ દારૂ અને બીયર પીધેલ અને હોટલમાંથી બહાર લાવેલ. ત્યાંથી આ લોકો તેને કાઠિયાવાડી હોટલ છે ત્યાં લઈ ગયેલ. તે ઈશ્વરભાઈના ઓળખીતાની હોટલ હતી. ત્યાં પાછળના દરવાજેથી ગાડી અંદર લાવેલા. પાછળ એક સીડી હતી ત્યાં ઉપરના માળે તેને લઈ ગયેલ. ત્યાં રૂમમાં ઈશ્વરભાઈ અને પ્રભાતભાઈએ માર મારેલ અને ગાળ બોલેલ અને એવુ

કહેલ કે સીધો રહેજે, તને નહી પહોંચવા દઈએ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ઈશ્વરભાઈ અને પ્રભાતભાઈએ તેને પેટમાં ગડદાપાટુનો માર મારેલ અને ત્યાંથી સવારે આશરે નવ વાગે આરોપીઓએ કહેલ કે, હવે જઈએ છીએ, તું સીધો રહેજે, અને ગાડીમાં પાછળની સીટમાં હાથપગ બાંધીને બેસાડી દીધેલ. ત્યારબાદ રસ્તામાં ગાડી ઉભી રાખી રોડ ઉપરની દુકાનમાંથી બે ટીન લીધેલા, અંદર જે પીણું હતુ તે તે બંનેએ પીધેલુ. પછી કહેલ કે, તારો છોકરો અમારી જોડે આવતો રહેશે. અમારા માણસો તેને કોલેજમાં લેવા ગયેલ છે. ત્યાંથી હિંમતનગર, વિજાપુર થઈ માણસા લાવેલા. માણસામાં ચાર વડવાળી જગ્યામાં ખાડામાં અંદર નીચેના ભાગે ગાડીની અંદરથી બહાર કાઢેલ અને કહેલ કે, તું ગમે તેની જોડેથી પૈસા મંગાવ, તે વખતે તેનો મોબાઈલ આપેલો. જેથી તેના મિત્ર રાજેશભાઈ જોશી ને ફોન કરી તેની પાસેથી રૂા.૧૦,૦૦૦/- મંગાવેલા. આરોપીએ તે વખતે ફોન કરીને બીજા માણસોને પણ બોલાવેલ. ચેલાભાઈ દેસાઈ પણ ત્યાં આવેલ. જેને ફોન કરેલ તે રાજેશ જોશી સ્થળ પર આવેલ અને આરોપીઓએ એવુ કહેલ કે તેને દુર ઉભો રાખ, તેથી તેને હાથ કરી દુર ઉભો રાખેલો. ફરીયાદીએ વધુમાં એવુ જણાવેલ છે કે, ચેલાભાઈએ એવુ કહેલ કે ઓફિસ લઈ લો, જેથી તેને ગાડીમાં ચેલાભાઈની ઓફિસે લઈ ગયેલા. ત્યાં ઓફિસમાં મહેશભાઈ દેસાઈ હાજર હતા. ત્યાં કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ ના પાડેલી. જેથી મહેશભાઈએ પકડી રાખેલ, ચેલાભાઈ અને ઈશ્વરભાઈએ છાતીમાં અને પેટમાં ફેંટો મારેલી. ત્યાંથી આરોપીઓએ એવુ કહેલ કે, અહીં મજા નહી આવે, આને બીજે લઈ જવો પડશે. એમ કહી ડ્રાઈવરની બાજુની સીટમાં બેસાડી દીધેલ. પાછળ મહેશભાઈ અને બીજા બે માણસો બેઠેલા. ગાડી ઈશ્વરભાઈ ચલાવતા હતા. કલોલ રોડ ઉપર ગાડી આવી એટલે મહેશભાઈ અને બીજા બે છોકરાઓ

ઉતરી ગયેલ અને કહેલ કે, તું સીધો રહેજે, તારા છોકરાને લઈને આવીએ છીએ. તે વખતે એવુ કહેલ કે, મારા છોકરાને કશું ન કરતાં, ગાડી પછી ઘેઘુ ચાર રસ્તાથી ગોઝારીયા થઈ મહેસાણા તરફ લઈ ગયેલ અને મહેસાણા આવતા પહેલાં એવુ કહેલ કે, તું પૈસાની વ્યવસ્થા કર, તને છોડીશું નહી અને મહેસાણા પૈસા મંગાવેલા. ફરીયાદીએ તેમના કાકા મનુભાઈને ફોન કરેલ. જેઓ પાલનપુર હતા. ગાડી મહેસાણાથી થોડે આગળ નીકળી ત્યાં તેમની પત્નીનો ઈશ્વરભાઈના ફોન ઉપર ફોન આવેલ. જેથી તેના મોબાઈલથી વાત કરેલ. તે વખતે ટુંકમાં પતાવવાનુ કહેલ, જેથી પત્નીને એવુ કહેલ કે, હું અત્યારે કામમાં છું, તું ફોન મુકી દે. સાહેદે વધુમાં એવુ જણાવેલ છે કે, આરોપીઓ તેને પેશાબ કરવા માટે પણ જવા દેતાં નહી. ચાણસ્માથી આગળ ઈશ્વરભાઈને પેશાબ કરવા જવા વિનંતી કરેલ, પછીથી એવુ કહેલ કે, ચાણસ્મા આવતા પહેલા ગાડી ઉભી રાખેલ ત્યારે ઈશ્વરભાઈ બહાર આવેલ ત્યારે તે વખતે તેઓને ખબર હતી કે મોબાઈલ આગળની ડેકીમાં પડેલ છે. પછી આ મોબાઈલ ગાડીમાંથી કાઢેલો અને ચાણસ્મા પેશાબ કરવા બહાર કાઢેલ તે વખતે બાવળના ભાગે પેશાબ કરતાં બે થી ત્રણ વખત ૧૦૦ નંબર ડાયલ કરેલ પરંતુ તે લાગેલો નહી. ત્યારબાદ તેમના પરીચિત પોલીસ ખાતામાં સુભાષ ત્રિવેદી નોકરી કરે છે તે પાટણમાં હોય તેમનો નંબર હતો તેથી તેમને ફોન કરેલ, ત્યારબાદ ફરીથી તેમને ગાડીમાં બેસાડી દીધેલ. તે વખતે તેમની પાસે ફોન હતો. હારીજ આવતા ઈશ્વરભાઈએ ગાડી ઉભી રાખેલ અને બહાર જઈને એકબીજાને ફોન કરતાં હતા અને તેની ગાડીના દરવાજાની પાસે ઉભા હતા તેઓએ ત્રિવેદી સાહેબને તક મળતાં ફોનથી જાણ કરેલ કે તકલીફમાં છું. એવુ પણ કહેલુ કે, તેમની ગાડી હારીજ થી આગળ જઈ રહી છે. હારીજથી ગાડી શંખેશ્વર રોડ વાયા જેસડા થઈને જતી હતી. શંખેશ્વર આવતા પહેલાં

ઈશ્વરભાઈએ પૈસા મંગાવવાનુ કહેતાં ગાડીમાં બેસી તેના મિત્રોને બોલાવતા હતા. શંખેશ્વરમાં પોલીસ આવી ગયેલ અને ગાડીમાંથી બહાર કાઢેલ અને પોલીસ સ્ટેશને લઈ ગયેલ. પોલીસ રૂબરૂ ફરીયાદ આપેલી. પેટમાં દુ:ખતુ હતુ તેથી સવારે શંખેશ્વર આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયેલ અને મોટા દવાખાને બતાવવાની પણ સલાહ આપેલી. શંખેશ્વર પોલીસ સ્ટેશનમાંથી તેના મિત્ર રાજેશને પણ જાણ કરેલ. ત્યારે તેણે એવુ કહેલ કે, હારીજ છુ તને શોધવા જ નીકળેલ છુ. ત્યારપછી જોશી અને તેના મિત્ર શંખેશ્વર મુકામે રાત્રે આવી ગયેલ. ગાંધીનગર આવી શ્રધ્ધાદીપમાં સોનોગ્રાફી કરેલ. ઈશ્વરભાઈને પોલીસે અટક કરી લીધેલા. આ બનાવ બાબતે આંક: ૪૦ વાળી ફરીયાદ આપેલી. આમ, હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ આંક: ૪૦ વાળી ફરીયાદ હકિકતને સમર્થન કરે છે. પરંતુ જે હકિકત ફરીયાદમાં લખાવેલ નથી તેનાથી અતિશયોકિત ભરેલી વિગતો પણ સાહેદ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. ફરીયાદીએ ઉલટતપાસમાં એ હકિકત સ્વિકારેલ છે કે, દાખલો કઢાવવા જવાનુ છે તે વાત તેમની પત્નીને કહેલ અને નીકળતા પહેલાં મિત્ર પ્રેમ ઉર્ફે પિતાંબરને કહેલી અને ચ–૨ સર્કલે સાંજના આઠ વાગે પહોંચેલ. ઈશ્વરભાઈ અડધો કલાકમાં આવી ગયેલ. તે ઓટોમાં આવેલ અને ઈશ્વરભાઈ આવ્યા પહેલા પ્રેમને ફોન કરેલો. પૈસા જે મંગાવેલા તે ઈશ્વરભાઈને તરત આપેલા નહી. તેઓ તે સમયે એકબીજાની મરજીથી ઘ–રોડ, ખ–રોડ, ખ–છ રોડ ગયેલા. અને તેની સંમતિથી ઈશ્વરભાઈને સાથે બેસાડેલા. બનાવ સમયે તેના સંતાનોની ઉંમર ૧૮ અને ૨૧ વર્ષની હતી. ચ–૬ થી કિંગફિશર હોટલ પહોંચતા કેટલો સમય લાગે તે કહી શકે નહી. ચિલોડા સર્કલ પર પોલીસ ચોકી આવે છે. તેઓ સીટમાં દબાઈ ગયેલ હતા તેથી બુમો પાડેલી નહી.

એ હકિકત પણ સ્વિકારેલ છે કે, ત્યાંથી આગળ જતાં બે ટોલ બુથ આવે છે. આ ટોલ બુથ ઉપર ટેકસના પૈસા તેઓએ આપેલા નહી પરંતુ તેના ખિસ્સામાંથી લઈને આપવામાં આવેલા. આ બંને ટોલ બુથ પસાર કર્યા ત્યારે ડ્રાઈવિંગ પ્રભાતભાઈ કરતા હતા. ટોલ ટેકસ બારી ખોલીને ચુકવેલ કે બહારશ નીકળીને ચુકવેલ તે કહી શકે નહી. એ હકિકત પણ સ્વિકારેલ છે કે, એ વખતે તેમના મોઢા કે હાથ બાંધેલા ન હતા. રાજસ્થાનમાં પ્રવેશતા પહેલાં વાહનોનુ ચેકીંગ થતુ હોવાનુ સ્વિકારેલ છે. સાહેદે સ્વેચ્છાએ સ્વિકારેલ છે કે નાની કાર હોવાથી ચેકીંગ થયેલુ નહી. ગાડીના કાચ ઉપર કોઈ ફિલ્મ લાગેલી હતી નહી. આરપાસ જોઈ શકાય તેવા કાચ હતા. કિંગફિશર પહોંચ્યા ત્યારે રાતના બાર વાગ્યાથી વધુનો સમય થયો હતો. આ હોટલ કેટલા માળની છે તે યાદ નથી. પરંતુ રાજસ્થાનમાં હોવાથી દારૂ પીવા માટે કોઈ રોક ન હોવાથી હોટલમાં લોકો આવતા હોય છે. કિંગફિશર હોટલમાં તે વખતે ઘણા બધા માણસો હતા. તેના જવાબમાં એવુ જણાવેલ છે કે, તે વખતે ન હતા. હોટલમાં સીસી ટીવી લાગેલાનુ સ્વિકારેલ છે અને હોટલની અંદર લઈ ગયેલાનુ પણ સ્વિકારેલ છે. કિંગફિશરના પ્રવેશથી ૨૫ મીટર દુર ગાડી અંધારામાં ઉભી રાખેલી. હોટલમાં લઈ ગયા ત્યારે હાથપગ બાંધેલા ન હતા. તેઓએ ભાગી જવાનો પ્રયાસ એટલે કરેલ નહી કે દીકરાની ધમકી આપેલી હતી. અંદર લઈ ગયા ત્યાં એક વેઈટરને ઓર્ડર આપવામાં આવેલો. વેઈટરને એવુ કહેલ નહી કે, આ લોકો તેનુ અપહરણ કરીને લાવેલ છે તેથી બચાવો. આ કિંગફિશર હોટલમાં અડધો કલાક જેટલો સમય રોકાયેલા. કાઠિયાવાડી હોટલમાં ગાડી રાખવાની જગ્યા હતી અને તેના બે દરવાજા હોવાનુ જણાવેલ છે. આ હોટલમાં તેને કોઈ મળેલ નહી અને તે ફ્રેશ થવા ગયેલ નહી. આ હોટલમાં ગેસ્ટ રજીસ્ટરમાં નોંધ કરીને ગયા કે કેમ તે કહી શકે નહી. સવારે પ્રથમ કોણ ઉઠેલુ તે યાદ ન હોવાનુ

જણાવેલ છે. તથા નાહવાની વ્યવસ્થા રૂમની અંદર હતી અને કપડાં તેઓ લઈ ગયેલા તે ગાડીમાં હતા. રાતના થોડીવાર ઉંઘ આવી ગયેલી. સવારે આઠ નવ વાગ્યાની આસપાસ નીકળેલા. આ કાઠિયાવાડી હોટલથી માણસા આશરે ૧૦૦ થી વધારે કિમી દુર છે. ગાડીમાં આશરે ૩૦ લીટર જેટલે પેટ્રોલ ભરાવી શકાય અને ૪૦૦ કીમી જેટલુ ચાલે. ચ–૬ રોડથી નીકળ્યા ત્યારબાદ પેટ્રોલ પુરાવેલુ નહી. માણસા દોઢ બે વાગે પહોંચેલા. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ચાર વડવાળી જગ્યાએ અથવા કોઈ ચેલાભાઈની ઓફિસમાં કોરા કાગળમાં સહીઓ કરી આપેલ નથી. ગાડીને લોક પ્રતાપભાઈએ મારેલુ. ચેલાભાઈની ઓફિસમાં ગયા ત્યારે હાથપગ બાંધેલા નહી. ચેલાભાઈની ઓફિસવાળુ કોમ્પ્લેકસ ત્રણ માળનુ હતુ કે કેમ તે જાણતા ન હોવાનુ જણાવેલ છે પરંતુ ત્યાં ગુજરાત પ્રચાર ન્યુઝ પેપરની ઓફિસ આવેલી હોવાનુ જણાવેલ છે. સાહેદે ઉલટતપાસમાં વધુમાં જણાવેલ છે કે, ઉમિયામાતાના મંદીર આગળથી મહેશભાઈ તથા બીજા બે વ્યકિત ઉતરી ગયેલા અને તે તથા ઈશ્વરભાઈ ત્યાંથી છુટા પડેલા. માણસાથી ઉમિયામાતાના મંદીર સુધી તેના હાથપગ કે મોઢું બાંધેલા ન હતા. તેમની ગાડીમાં દોરડા ન હતા અને ઈશ્વરભાઈ બજારમાંથી દોરડા લાવેલ હોય તેવુ પણ બનેલ નથી. ધીણોજ પેટ્રોલ પંપ ઉપર રૂા.૧,૦૦૦/–નુ પેટ્રોલ પુરાવી રૂા. ૧,૦૦૦/– આપેલા હોય તેવુ યાદ ન હોવાનુ જણાવેલ છે. હારીજવાળો રસ્તો આવેલો અને કેનાલ પાસે ઉતરવાનો પ્રસંગ બનેલો. તે વખતે તેના હાથપગ છુટા હતા. ઉમિયામાતાના મંદીરથી નીકળ્યા ત્યારે ગાડીમાં આગળની સીટમાં બેઠેલા હતા. ગાંધીનગર ચ–૨ થી ગ–૬ સુધી શરૂઆતના તબકકામાં ગાડી તેઓએ ચલાવેલી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, શંખેશ્વર જવાનુ હતુ તે પોતે પહેલાંથી જાણતા હતા. સુભાષ ત્રિવેદીને છેલ્લા ત્રણ ચાર વર્ષ પહેલાંથી ઓળખતા હોવાનુ

અને તે વખતે તેઓ પી.આઈ. હોવાનુ જણાવેલ છે. મેયરશ્રી પૃથ્વીસિંહ, મહિપતસિંહ તુલસીભાઈ અને નરપતસિંહ લાલસિંહ, જયંતસિંહ જીવણસિંહને ઓળખતા ન હોવાનુ જણાવે છે. રાજેશ જોશી અને પ્રહલાદ ગોવિંદભાઈ ચૌધરીને ઓળખે છે. એ હકિકતનો ઈન્કાર કરે છે કે, શંખેશ્વરભાઈ પોલીસ આવી ત્યારે ઈશ્વરભાઈ પાનના ગલ્લે બીડી પીવા ગયેલા અને પોતે ગાડી પાસે ઉભા હતા. એ હકિકત ખરી હોવાનુ સિવકારેલ છે કે,રૂા.૩,૨૨,૦૦૦/- ઈશ્વરભાઈને આપેલા તેનો કોઈ લેખિત દસ્તાવેજ નથી અને રૂપિયા પાંચ લાખમાં સમાધાન થયુ તેનો પણ કોઈ લેખિત દસ્તાવેજ તેના પાસે નથી. ગોસાઈ રાજેશપુરી અમૃતપુરીએ તેમને તથા ચેલાભાઈ વિરમભાઈ દેસાઈને સંયુકત પાવરનામુ કરી આપેલુ. આ પાવરનામુ ઉલટતપાસમાં રીફર થયેલુ હોય તેથી આંક: ૪૬ આપવામાં આવેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, મહેશભાઈ ચેલાભાઈ દેસાઈને બાનાખત કરી આપેલ. આ બાનાખત લખી આપનાર ફરીયાદી તથા ચેલાભાઈ હતા. આ બાનાખત ૪૫/૨ થી રજુ છે તે સાહેદે વાંચેલુ પરંતુ તેમાં સહી હોવાનુ સ્વિકારે છે પરંતુ તેમાં લખેલી ઘટના બનેલ છે કેમ તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. આ બાનાખતમાં મહેશભાઈનો ફોટો છે અને સાક્ષી તરીકે પ્રભાતભાઈની સહી થયેલી છે કે કેમ તે ઓળખી શકે નહી.ફરીયાદીની આંક: ૪૦ વાળી ફરીયાદ હકિકત વંચાણે લેતાં તેઓ ઘરેથી તેના વતન જવા નીકળેલા ત્યારે રસ્તામાં આરોપી ઈશ્વરભાઈનો ફોન આવેલો અને ઈશ્વરભાઈ ચ-૨ સર્કલે ઉભા હતા અને ત્યાં મળીને નીકળો એવુ કહેતા તેમને મળવાની હા પાડેલી. અને તેઓ આ સર્કલ પર પહોંચેલા અને ઈશ્વરભાઈને મળેલા અને ત્યાં વાતચીત કરી, ઈશ્વરભાઈએ કહેલ કે અત્યારે તમે ત્રણ ચાર હજાર રૂપિયાનો ટેકો કરતા હોય તો મારે પણ વતન આદરણીયા ગામે આવવુ છે જેથી આ રાયકા

ઈશ્વરભાઈના ફોન ઉપરથી તેમના મિત્ર પ્રેમ ભોજુમલને કોન્ટેક કરી રૂપિયા ચાર હજાર મંગાવતા તે ચ–ર સર્કલ ઉપર આવી આપી ગયેલા અને ફરીયાદી પોતાની પાસે રૂપિયા ત્રણ હજાર હતા તેમ કુલ સાત હજાર ફરીયાદીએ પોતાની પાસે રાખેલાનુ લખાવેલ છે. જયારે ફરીયાદીએ તેની સરતપાસમાં તેઓ તેમના વતન મુજપુર જવાના હતા ત્યારે ઘરે હતા ત્યારે આરોપી ઈશ્વરભાઈનો ફોન આવેલ અને તમે કયાં છો એવુ કહેતા મુજપુર દાખલો કઢાવવા જવુ છે તેવુ કહેલ. તેથી ઈશ્વરભાઈએ એવુ કહેલ કે ત્રણ થી ચાર હજાર રૂપિયા આપતા હોવ અને તમે જતા હોવ તો મારે પણ એ બાજુ આવવુ છે. ત્યારે એવુ કહેલ કે, તમે આવી જાવ, પૈસા મંગાવી લઈશ અને તેમના મોબાઈલમાં ચાર્જીગ ન હતુ તેથી ઈશ્વરભાઈના ફોનથી ફોન કરેલ. તે તેમના મિત્ર પિતાંબર ભોજુમલ કે જે પ્રેમના હુલામણા નામ થી ઓળખાય છે તેમને ફોન કરી રૂા.૪,૦૦૦/– મંગાવેલ અને તે ચ–ર સર્કલ પર આવી આપી ગયેલ. આમ ફરીયાદીએ તેની ફરીયાદમાં તેઓ ઘરેથી નીકળતા હતા તે સમયે આરોપીનો ફોન આવેલાનુ જણાવેલ છે. જયારે તેની સરતપાસમાં તેઓ ઘરેથી નીકળ્યા ત્યારબાદ આરોપીનો ફોન આવેલાનુ જણાવેલ છે. તેટલા પુરતો વિરોધાભાસ આવતો હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. વધુમાં ફરીયાદી એ એવુ જણાવેલ છે કે, આરોપી ઈશ્વરભાઈએ એવુ કહેલ કે, પ્રભાતભાઈ પણ આદરણીયા ગામના વતની છે તેઓને પણ વતનમાં આવવુ છે જો ફરીયાદી હા પાડે તો તેમને સાથે લઈ લઈએ. તેથી ફરીયાદીએ હા પાડેલી અને ફરીયાદી પણ આ પ્રભાતભાઈને ઓળખતા હતા તેથી હા પાડેલી અને પ્રભાતભાઈને ગાંધીનગર ખ–૬ સર્કલ ઉપરથી તેમની સાથે લીધેલા. આમ મજકુર પ્રભાતભાઈને કઈ રીતે બોલાવેલા, તેઓ ખ–૬ સર્કલ ઉપર કેવી રીતે ફરીયાદી તથા આરોપી નં. ૧ ને મળેલા અને ગાડીમાં બેઠેલા તે સબંધે ફરીયાદીએ કોઈ જ હકિકત જાહેર કરેલ

નથી. ફરીયાદીની ફરીયાદ હકિકત તથા સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ફરીયાદી તેમના વતન મુજપુરમાં જતા હતા તેવી હકિકત પ્રથમથી જ આરોપી ઈશ્વરભાઈને હોવાનુ લેશમાત્ર ફલિત થતુ નથી. કારણ કે તેઓ નીકળતા હતા તે સમયે ઈશ્વરભાઈનો ફોન આવેલ અને તે વખતે ફરીયાદી વતનમાં જતા હોવાનુ આરોપીને જાણ થયેલી. તે સંજોગોમાં આ કામના આરોપી ઈશ્વરભાઈ ફરીયાદી ગાડી લઈને વતનમાં જતા હતા તેવી હકિકત પ્રથમથી જ જાણતા હોય અને તે રીતે તેમણે કાવતરૂ ઘડેલુ હોય અને તે કાવતરાના ભાગરૂપે ફરીયાદીની ગાડીમાં બેસી ગયેલા હોય અને આરોપી પ્રભાતભાઈને પણ ખ–૬ સર્કલ ઉપર બોલાવી રાખેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. તે સંજોગોમાં ફરીયાદીનુ જે કથન છે કે, આરોપીએ પોતે બનાવેલા પ્લાન મુજબ તેમણે રસ્તો બદલાવી નાંખેલો અને પાનબીડી લેવા માટે જતા હોવાનુ જણાવેલ છે પરંતુ આરોપીઓનો શરૂઆતથી જ ફરીયાદીનુ અપહરણ કરવાનો પ્લાન હોવાનો એટલે કે કાવતરૂ કરેલ હોય તેવી હકિકત માનવા પાત્ર જણાતી નથી. કારણ કે, ફરીયાદી તેના વતન જતા હતા તે હકિકત આરોપી નં.૧ ને શરૂઆતથી જ ખબર હતી તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. આમ, આરોપીઓને ફરીયાદી કયારે, કયાં, કયા વાહનમાં તેના વતનમાં જવાના છે તેવી માહિતી હોવાનુ અને તેના આધારે ફરીયાદીનુ અપહરણ કરવાનો પ્લાન કરેલાનુ લેશમાત્ર માની શકાય નહી. કારણ કે, આરોપીનો ફોન આવતા ફરીયાદીએ પોતે વતનમાં જાય છે તેવુ જણાવેલ છે તે હકિકત નજર સમક્ષ રાખતાં આરોપીઓનો ફરીયાદીની જ ગાડીમાં અપહરણ કરવાનો પ્રિ–પ્લાન હોય તેવી હકિકત સાબિત થતી નથી. ફરીયાદીએ વધુમાં એવી હકિકત તેની ફરીયાદમાં તથા જુબાનીમાં જણાવે છે કે, આ કામના આરોપીએ ગાડી સેન્ટ્રલ લોક કરી દીધેલ તથા તેમાં બેબીલોક કરી

દીધેલુ. પરંતુ કોઈપણ કારની રચના નજર સમક્ષ રાખતાં સામાન્ય સંજોગોમાં પાછળના જે દરવાજા છે તેને બેબી લોન કરવુ હોય તો તે દરવાજામાં આવેલ સ્વીચને બંધ કરવાથી બેબીલોક થાય હવે આગળના હેન્ડલ પર, સ્ટીયરીંગ પર અથવા તો ડ્રાઈવર પાસેની કોઈ જ જગ્યાએ બેબીલોક કરવાની વ્યવસ્થા હોય તેવી હકિકત ફરીયાદીએ જણાવેલ નથી. સેન્ટ્રલ લોક થઈ શકે પરંતુ આવુ સેન્ટ્રલ લોક પણ મેન્યુઅલી પાછળ બેસેલી વ્યક્તિ ખોલી શકે. તે સંજોગોમાં ગાડીનું બેબીલોક આરોપીએ કરી દીધેલાનુ પણ લેશમાત્ર માનવાપાત્ર જણાતુ નથી. વધુમાં ફરીયાદીએ તેની ફરીયાદમાં એવુ પણ લખાવેલ છે કે, પ્રભાતભાઈએ ગાડી ચલાવી ચિલોડા સર્કલ થઈ હિંમતનગર રોડ થઈ શામળાજી થઈ રતનપુર બોર્ડર થઈ રાજસ્થાનની હદમાં રોડની સાઈડમાં આવેલ કિંગફિશર નામની હોટલમાં અંધારામાં ઉભી રાખેલ અને ફરીયાદીને પકડી ગાડીની આગળની ખાલી સાઈડની સીટમાં બેસાડી તેના બુટના દોરીથી હાથ અને પગ સીટ સાથે બાંધી દીધેલ અને સીટ આડી કરી દીધેલ અને તેના ખિસ્સામાં પડેલ રૂા.૭,૦૦૦/- આ લોકોએ કાઢી લીધેલ અને તેનો મોબાઈલ ગાડીના ડેસ્કબોર્ડ ઉપર પડેલ હતો તે પણ લઈને કિંગફિશર હોટલમાં ગયેલ અને ત્યાં આ લોકો દારૂ જેવુ પી ત્રણ કલાક જેવુ રોકાયેલ, પાછા આવેલ અને ત્યાંથી વીંછીવાળા કાઠિયાવાડી હોટલ ઉપર લઈ ગયેલ અને તે હોટલ તેમના ઓળખીતા હોવાની વાત કરી, ગાડી અંદર લઈ પાછળના ભાગની સીડીથી એક રૂમમા બીજા માળે લઈ ગયેલા. અને ત્યાં તેને ધમકી આપવા લાગેલ કે, તેઓ ઉપર કરેલા કેસ પાછા ખેંચી લે, નહીં તો, અહીંયાથી તું પાછો નહી જાય. જાનથી મારી નાંખીશુ, કોઈને ખબર પણ નહીં પડે. જેથી ગભરાઈ ગયેલ. તેઓની વાતમાં સંમત થયેલ અને આ દરમ્યાન રાત્રિના બે થી ત્રણ વાગ્યાના સમય થયેલ હતો અને ત્યાં રૂમમાં ગડદાપાટુનો

માર મારીને રાખેલા અને બીજા દિવસે સવારે નવેક વાગ્યાના સુમારે આ લોકો તેને પાછળની સીડીથી ઉતારી ધાક ધમકી આપી ગાડીમાં બેસાડી કહેલ કે કંઈ હરકત કરતો નહી અને ચુપ બેસી રહેજે. જેથી ડરના માર્યા કોઈ બુમ પણ પાડી શકેલ નહી અને રસ્તામાં તેઓએ શરાબ જેવુ પીધેલુ. ત્યાંથી લઈ માણસા આવેલા અને માણસા ચાર વડવાળી જગ્યાની પાછળના ભાગે ગાડીમાં બેસાડી રાખી તેઓની પાસેના કોરા કાગળ કાઢી તેઓએ સહીઓ કરવા જણાવેલ. આ વખતે તેમનો સાગરીત રબારી ચેલાભાઈ વિરમભાઈ માણસાવાળો આવેલો અને તેણે કહેલ કે, આ જગ્યાએ મજા નહી આવે આપણે ઓફિસ લઈ ચાલો. જેથી રબારી ચેલાભાઈની ઓફિસે લઈ ગયેલ. તેમની ઓફિસે રબારી મહેશભાઈ ચેલાભાઈ તથા બીજા છ થી સાત છોકરાઓ બેઠેલા હતા અને આ તમામ માણસો એ ભેગા મળીને મારી નાંખવા સુધીની ધમકીઓ આપી કોરા કાગળોમાં સહી કરાવી લીધેલી. તેઓએ સહી કરવાની ના કહેતાં મહેશભાઈએ એવુ કહેલ કે, સહી નહી કરે તો તારો છોકરો કોલેજથી ઘરે નહીં પહોંચે, જેથી ફરીયાદીને ડર લાગેલ કે તેને મારી નાંખશે અને સહી કરશે તો તેની જમીન પણ જશે જેથી સહી કરેલી નહી. અને ત્યાંથી ફરીયાદીને પાછો ગાડીમાં બેસાડી રબારી મહેશભાઈ તથા રબારી ઈશ્વરભાઈ તથા બીજા બે છોકરાઓ ગાડીમાં બેસી કલોલ હાઈવે સુધી લઈ ગયેલા અને ગાડીમાં બાંધી દઈ રબારી મહેશભાઈ તથા બીજા બે માણસો ત્યાં ઉતરી ગયેલા. આમ, ફરીયાદીની ફરીયાદ હકિકત નજર સમક્ષ રાખતાં તેઓ કિંગફિશર હોટલમાં આરોપીઓ ગયા ત્યારે ફરીયાદી ગાડીમાં હતા તેવી હકિકત લખાવેલ છે ત્યારે તેણે સોગંદ પરની જુબાનીમાં કિંગફિશર હોટલમાં તેમને પણ લઈ ગયેલા અને આરોપી ઈશ્વરભાઈ તથા પ્રભાતભાઈએ દારૂ અને બીયર પીધેલા અને હોટલમાંથી બહાર લાવેલા. આમ ફરીયાદીની ફરીયાદ હકિકત તથા

સરતપાસની હકિકત વંચાણે લેતાં કિંગફિશર ઉપર લઈ જવાની જે ઘટના બતાવેલી છે તેમાં પરસ્પર વિરોધાભાસ આવે છે. કારણ કે, ફરીયાદીએ તેની ફરીયાદમાં કિંગફિશર હોટલ ગયા ત્યાં તેમને પાછળની સીટમાંથી આગળની સીટ માં બેસાડી દીધેલ, ફરીયાદીને કહેલ કે, કોઈ હરકત કરતો નહી, અને ચુપચાપ બેસી રહેજે, જેથી ડરનો માર્યો કંઈ બુમ પણ પાડી શકેલ નહી. આમ ફરીયાદીએ તેની ફરીયાદમાં આરોપીઓ કિંગફિશર હોટલમાં લઈ ગયેલા તેવી હકિકત જણાવેલ નથી તે સંજોગોમાં જયારે આરોપીઓ કિંગફિશર હોટલમાં ગયા ત્યારે ફરીયાદીને ગાડીમાં જ બેસાડી રાખેલ હતા તેવુ ફરીયાદીનુ કથન છે અને ફરીયાદી નો મોબાઈલ ફોન પણ તે વખતે ફરીયાદી પાસે જ હતો, ખરેખર જો આરોપીઓએ ફરીયાદીનુ અપહરણ કર્યુ હોત તો પોતાના મોબાઈલ ફોનથી ફરીયાદી કોઈકને પણ જાણ કરી શકયા હોત, અથવા તો જયારે આરોપીઓ કિંગફિશર હોટલમાં ગયા ત્યારે પોતે એકલા ગાડીમાં હતા, તો તે ગાડીમાંથી ઉતરી ત્યાંથી નાસી જઈ શકયા હોત, કારણ કે કિંગફિશર સુધી પહોંચ્યા ત્યાં સુધી આરોપીઓએ ફરીયાદી ને તેના પુત્ર સબંધે કોઈ ધમકી આપેલી હોય તેવુ કોઈ હકિકત ફરીયાદમાં જણાવેલ નથી. પુત્ર સબંધેની ધમકી માણસા પહોંચ્યા બાદ કોરા કાગળમાં સહી કરાવતા સમયે આપેલ છે અને માણસા બીજા દિવસે આવેલાનુ ફરીયાદીની જુબાની ઉપરથી ફલિત થાય છે. જે દિવસે ફરીયાદીના આક્ષેપ મુજબ તા.૨/૭ ના રોજ ફરીયાદીની ગાડીમાં જ આરોપીઓ તેને લઈ ગયા ત્યારે રાત્રિના સમયે કાઠિયાવાડી હોટલમાં રોકાયેલાનુ ફરીયાદીનુ કથન છે અને તેના બીજા દિવસે માણસા આવેલા. આમ બીજા દિવસે ફરીયાદીને તેના પુત્ર સબંધે ધમકી આપેલ છે તે સંજોગો નજર સમક્ષ રાખતાં ખરેખર જો આરોપીઓએ ફરીયાદીનુ અપહરણ કરેલુ હોત તો કિંગફિશર હોટલમાં જયારે ફરીયાદી એકલા જ ગાડીમાં હતા ત્યારે

પોતે નાસી જઈ શકયા હોત અથવા તો બહાર નીકળી કોઈક પાસે મદદની માંગણી કરી શકયા હોત અને ત્યારબાદ કાઠિયાવાડી હોટલમાં આરોપીઓ ફરીયાદીને લઈ ગયેલા અને ત્યાં રાત્રિ રોકાણ કરેલાનુ ફરીયાદીનુ તેની જુબાનીમાં કથન છે, ખરેખર જો આરોપીઓ ફરીયાદીને લઈ રાત્રિ રોકાણ કાઠિયાવાડી હોટલમાં કરેલુ હોત તો રાત્રિના સમયે પણ ફરીયાદી ત્યાંથી નાસી જવાનો પ્રયત્ન કરી શકયા હોત. અને આ હોટલ પણ રોડ ઉપર આવેલાનુ ફલિત થાય છે. તે સંજોગોમાં ફરીયાદીને ત્યાંથી ભાગવા માટે કોઈ વાહન પણ મળી રહે તેવી શકયતાને પણ નકારી શકાય નહી. આમ ખરેખર જો આરોપીઓએ ફરીયાદીનુ અપહરણ કરેલ હોત તો ફરીયાદીએ તેમાંથી બચવા માટે ૧૦૦% પ્રયત્ન કરેલા હોત અને આવા ચાન્સ પણ ફરીયાદીને મળેલાનુ તેની ફરીયાદ હકિકત ઉપરથી ફલિત થાય છે. વધુમાં ફરીયાદીએ તેની આંક: ૪૦ વાળી ફરીયાદ હકિકતમાં એવી હકિકત લખાવેલ છે કે, કાઠિયાવાડી હોટલમાં રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે સવારે નવ વાગે પાછળની સીડીથી ઉતરી તેને ગાડીમાં બેસાડેલ અને માણસા આવેલ અને માણસા ચાર વડવાળી જગ્યાની પાછળના ભાગે ગાડીમાં બેસાડી રાખેલ. તેઓની પાસેના કાગળોમાં સહી કરવાનુ કહેલ અને રબારી ચેલાભાઈ વિરમભાઈ માણસાવાળા ત્યાં આવેલા. તેઓએ કહેલ કે આ જગ્યાએ મજા નહી આવે, આપણી ઓફિસે લઈ ચાલો, જેથી તેમની ઓફિસે લઈ ગયેલા. અને કોરા કાગળમાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી નહી. જેથી ત્યાંથી તેને ગાડીમાં બેસાડી રબારી મહેશભાઈ તથા રબારી ઈશ્વરભાઈ તેમજ બીજા બે છોકરા ગાડીમાં બેસી કલોલ હાઈવે લઈ ગયેલ અને ગાડીમાં બાંધી દઈ રબારી મહેશભાઈ તથા બીજા બે માણસો ત્યાં ઉતરી ગયેલ અને રબારી ઈશ્વરભાઈએ ગાડી ચલાવી લીધેલ. આ દરમ્યાન મહેશભાઈએ કહેલ કે આને ફોન

કે બીજી કોઈ વસ્તુ આપતા નહી તેમ કહી રબારી ઈશ્વરભાઈએ ગાડી ચલાવી દેઘુ ચાર રસ્તાથી ગોઝારીયા થઈ મહેસાણા ચાર રસ્તા આવતા ઈશ્વરભાઈએ કહેલ કે, ગમે ત્યાંથી રૂા.૧૦,૦૦૦/–ની સગવડ કરી અને કોઈને ફોન કર, તેમ કહી ફોન આપેલો અને તેઓએ ફોન સ્પીકર ઉપર રાખી કાકા મનુભાઈ ભગવતીપ્રસાદને ફોન કરેલ, તેઓ પાલનપુર હોવાનુ કહેતા, રબારી ઈશ્વરે આ ફોન સ્વીચ ઓફ કરી દીઘેલો અને તેમને લઈ ચાણસ્મા સર્કલ ઉપર ગયેલા. જયારે ફરીયાદીએ તેની સોગંદ પરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, કાઠિયાવાડી હોટલથી બીજા દિવસે સવારે નીકળી તેને હિંમતનગર વિજાપુર થઈ માણસા લાવેલા અને માણસામાં ચાર વડવાળી જગ્યામાં ખાડામાં અંદર નીચેના ભાગે ગાડીની અંદરથી બહાર કાઢેલ અને કહેલ કે, તું ગમે તેની જોડેથી પૈસા મંગાવ, તે વખતે તેનો મોબાઈલ આપેલ. જેથી ફરીયાદીએ તેના મિત્ર રાજેશભાઈ જોશીને ફોન કરી તેની પાસેથી રૂા.૧૦,૦૦૦/– મંગાવેલ. આરોપીઓએ તે વખતે ફોન કરી બીજા માણસોને પણ બોલાવેલ અને ચેલાભાઈ પણ ત્યાં આવી ગયેલા અને જેને ફોન કરેલ તે રાજેશ જોશી સ્થળ પર આવેલા અને આરોપીઓએ એવુ કહેલ કે, તેને દુર ઉભો રાખ, તેથી હાથ કરી તેને દુર ઉભો રાખેલો. આમ, ફરીયાદીએ તેની ફરીયાદમાં રૂા.૧૦,૦૦૦/– આરોપીએ માંગતા તેમના કાકા મહેસાણા રહે છે તે મનુભાઈ ભગવતીપ્રસાદને ફોન કરેલ પરંતુ તેઓ પાલનપુર હોવાનુ ફરીયાદમાં લખાવેલ છે. જયારે તેની સરતપાસમાં આરોપીએ રૂા.૧૦,૦૦૦/– ની માંગણી કરતાં તેઓએ તેમના મિત્ર રાજેશ જોશીને ફોન કરેલ અને આ રાજેશ જોશી રૂા.૧ ૦,૦૦૦/– લઈને આવતાં આરોપીએ તેને દુર ઉભો રાખવાનુ જણાવતાં ફરીયાદી એ હાથનો ઈશારો કરી દુર ઉભો રાખેલો. આમ, રૂા.૧૦,૦૦૦/– ની માંગણી કરેલી છે. તે હકિકત પરત્વે પણ પરસ્પર વિરોધાભાસી હકિકતો ફરીયાદ

અને ફરીયાદીની સરતપાસમાં રજુ થાય છે. કારણ કે, ફરીયાદમાં મહેસાણા પહોંચ્યા બાદ રૂા.૧૦,૦૦૦/– ની માંગણી કરતાં ફરીયાદીએ તેના કાકાને ફોન કરેલાનુ જણાવેલ છે. જયારે તેની સરતપાસમાં માણસા પહોંચ્યા બાદ રૂપિયા દસ હજારની માંગણી કરતાં તેમના મિત્ર રાજેશભાઈ જોશીને ફોન કરી રૂપિયા દસ હજાર મંગાવેલા. આમ ફરીયાદી, ફરીયાદ અને સરતપાસની જુબાનીમાં વિરોધાભાસી હકિકતો જણાવતા હોય તે સંજોગોમાં ફરીયાદીની જુબાની રિલાયેબલ જણાતી હતી. વધુમાં ફરીયાદીએ એવી હકિકત પણ જણાવેલ છે કે, તેને ચાણસ્મા સર્કલ ઉપર ગાડી ઉભી રાખી લોક કરી નજીકની હોટલમાં આરોપીઓ ચા પીવા ગયેલ તે દરમ્યાન પોતે બુધ્ધિ વાપરી ગાડીની ડેકીમાં તેનો ફોન મુકેલ જે ફરીયાદીને ખબર હતી તે ફોન કાઢી લીધેલ અને આ દરમ્યાન ઈશ્વરભાઈ આવી જતાં ફરીયાદીએ પોતાનો ફોન ખિસ્સામાં મુકી દીધેલ. ફરીયાદીએ તેની ફરીયાદમાં એવુ જણાવેલ છે કે, તેઓ માણસાથી નીકળ્યા ત્યારે ફરીયાદીને તેની ગાડીમાં બાંધી દીધેલ અને કલોલ હાઈવે સુધી ગયેલા. અને આ સમયે ઈશ્વરભાઈ ગાડી ચલાવતા હતા. આમ ફરીયાદીને ગાડીમાં બેસાડી બાંધી દીધેલાનુ ફરીયાદીનુ કથન છે અને આ જ ફરીયાદીએ તેની ફરીયાદ માં આગળ જણાવેલ છે કે, તેમનો ફોન ડીકીમાં પડેલ હતો તે જાણતા હતા તેથી બુધ્ધિ વાપરી ડીકીમાંથી ફોન લઈ તેને કાઢી તેણે પોતાના ખિસ્સામાં મુકી દીધેલો આમ ખરેખર જો ફરીયાદીને ગાડીમાં બાંધી દીધેલા હોય તો તે પોતાનો ફોન ડીકીમાંથી કઈ રીતે કાઢી શકે તે પણ સવાલ ઉભો થાય. વધુમાં ચાણસ્મા સર્કલ પાસે લઈ ગયા ત્યારે દિવસનો સમય હતો અને તે સમયે પણ સામાન્ય સંજોગોમાં હાઈવે ઉપર અને હોટલમાં લોકોની અવરજવર રહે. આમ ફરીયાદી જો પોતાની ગાડીની ડીકીમાંથી ફોન કાઢી શકતા હોય તો તે આજુબાજુના લોકોને પણ પોતાને

બચાવવા માટે બુમો પાડી મદદ માંગી શકયા હોત. વધુમાં ફરીયાદીએ તેની ફરીયાદમાં એવુ લખાવેલ છે કે, કેનાલ રોડ ઉપર પહોંચતા તેઓને પેશાબ જવુ હોય તેથી ગાડી ઉભી રખાવી અને ફરીયાદીને છોડી પેશાબ કરવા નીચે ઉતારેલ અને તેઓ બાવળની ઓથે પેશાબ કરવા ગયેલ તે દરમ્યાન ૧૦૦ નંબર ઉપર વારંવાર ફોન કરતાં કોઈએ ઉપાડેલ નહી જેથી તેમના મિત્રોને એસએમએસ થી મારૂ અપહરણ થયેલ છે તેની જાણ કરેલી. ત્યારબાદ ફરીયાદીને ફરી ગાડીમાં બેસાડતા હારીજ બસ સ્ટેન્ડ પાસે ઉભી રાખી તે ગાડી પાછળ આવી તેના કોઈ સાગરિતોને બોલાવતો હોય તેવો ફોન કરવા લાગેલ. આ દરમ્યાન ફરીયાદીએ તેના પરિચિત અને પાટણ જિલ્લામાં પી.આઈ.તરીકે નોકરી કરતાં ત્રિવેદી સાહેબને ફોન તથા એસએમએસ થી તેમની હકિકતની ફટાફટ જાણ કરેલ અને આ ઈશ્વરભાઈ ગાડીમાં તેમને લઈ સમી થઈ શંખેશ્વર હાઈવે જૈન દેરાસરના ગેટની સામે ઉભી રાખી કહેલ કે, કોઈપણની પાસેથી રૂા.૧૦,૦૦૦/- મંગાવી લાવ.નહી તો હવે બહુ આગળ તુ નહી જઈ શકે તેવી ધાક ધમકી આપતા તેઓએ તેમના ફોનથી ત્રિવેદી સાહેબને ફોનથી વાત કરતો રહેલ. આ દરમ્યાન તુરત જ પોલીસ આવી જતા તેને બચાવી લીધેલ અને રબારી ઈશ્વરને પકડી લીધેલ. જયારે ફરીયાદીએ તેની સરતપાસમાં એવુ જણાવેલ છે કે, ચાણસ્માથી આગળ ઈશ્વરભાઈને પેશાબ કરવા વિનંતી કરેલ. અને ચાણસ્મા આવતા પહેલા ગાડી ઉભી રખાવેલ ત્યારે ઈશ્વરભાઈ બહાર આવેલ તે વખતે તેને ખબર હતી કે તેનો મોબાઈલ આગળની ડેકીમાં પડેલ છે. એ પછી ગાડીમાંથી મોબાઈલ કાઢેલો અને ચાણસ્મા પેશાબ કરવા બહાર કાઢેલ તે વખતે બાવળના ભાગે જઈ બે થી ત્રણ વખત ૧૦૦ નંબર ડાયલ કરેલ પરંતુ ફોન ઉપડેલો નહી. તે વખતે તેમના પરિચિત પોલીસ ખાતામાં નોકરી કરે છે તે પાટણમાં હોય તેમનો

નંબર હતો. તેથી તેમને ફોન કરેલ. ત્યારબાદ ફરીયાદીને ફરીથી ગાડીમાં બેસાડી દીધેલ. તે વખતે તેમની પાસે ફોન હતો. હારીજ આવતા ઈશ્વરભાઈએ ગાડી ઉભી રાખી બહાર જઈને એકબીજાને ફોન કરતાં હતા અને ગાડીના દરવાજાની પાસે ઉભા હતા. ફરીયાદીએ ત્રિવેદી સાહેબને તક મળતાં ફોનથી જાણ કરેલી કે તેઓ તકલીફમાં છે અને એવુ પણ કહેલુ કે તેની ગાડી હારીજથી આગળ જઈ રહી છે. હારીજથી ગાડી શંખંશ્વર રોડ વાયા જેસડા થઈને જતી હતી. આમ ફરીયાદીની ફરીયાદ તથા સરતપાસની હકિકતો પરસ્પર વિરોધાભાસી રેકર્ડ ઉપર રજુ થતી હોય તેવુ સ્પષ્ટપણે ફલિત થાય છે. ફરીયાદીએ તેની ફરીયાદમાં હારીજ બસ સ્ટેન્ડ પાસે પહોંચ્યા ત્યારે તેમના મિત્રોને એસએમએસ કરી તેમને અપહરણ થયાની જાણ કરેલાનુ જણાવેલ છે તથા પાટણ જિલ્લાના પી.આઈ. તરીકે નોકરી કરતં શ્રી ત્રિવેદી સાહેબને ફોન તથા એસએમએસથી ફરીયાદ હકિકતની જાણ કરેલી. તેવી હકિકત જણાવેલ છે અને સમી થઈ શંખેશ્વર હાઈવે રોડ જૈન દેરાસર ના ગેટની સામે ઉભા રાખી આરોપી ઈશ્વરભાઈએ ફરીયાદી પાસેથી રૂપિયા દસ હજાર મંગાવી લેવાની માંગણી કરેલી અને નહી મંગાવે તો તું આગળ જઈ શકીશ નહી તેવી ધમકી આપતા હતા. આ દરમ્યાન તે પોતાના ફોનથી ત્રિવેદી સાહેબને વાત કરતો રહેલ અને આ દરમ્યાન તુરત જ પોલીસ આવી ગયેલી. આમ ફરીયાદીએ તેની સોગંદ પરની જુબાનીમાં હારીજ થી વાયા જેસડા થઈ શંખેશ્વર જતા હોવાની હકિકત ત્રિવેદી સાહેબને ફોનમાં જણાવેલાનુ જણાવેલ છે. જયારે તેની ફરીયાદમાં શંખેશ્વર પહોંચ્યા બાદ તેઓ ફોનમાં સતત ત્રિવેદી સાહેબ સાથે વાત ચાલુ રાખેલાનુ જણાવેલ છે અને ત્યાં આરોપીએ પકડી લીધેલા નુ જણાવેલ છે. આમ ખરેખર જો ફરીયાદીનુ અપહરણ આરોપીઓએ કરેલુ હોત તો હારીજથી શંખેશ્વર જતા સુધી પણ ફરીયાદીને તેનો ફોન આપે અને ફરીયાદી

કોઈ સાથે વાત સતત ચાલુ રાખે તો તે હકિકત આરોપીના ધ્યાનમાં ન આવે તેવુ સહેજપણ માની શકાય નહી. આમ ફરીયાદીએ જે હકિકત જણાવેલ છે કે, તેઓએ સતત પી.આઈ.શ્રી ત્રિવેદી સાહેબ સાથે વાત ચાલુ રાખેલ તે હકિકત માનવા પાત્ર જણાતી નથી. વધુમાં ફરીયાદીની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદીના સંતાનો ૧૮ વર્ષ અને ૨૧ વર્ષના છે તે રીતે પણ ફરીયાદીની ગાડીમાં ફરીયાદીએ બેબીલોક કરવાની આવશ્યકતા ઉભી થઈ હોય તેવુ પણ માની શકાય નહી.પરંતુ ફરીયાદીનુ જ કથન નજર સમક્ષ રાખતાં આરોપી એ તેની ગાડીનુ બેબીલોક કરી દીધેલુ તે કથનો લેશમાત્ર માનવાપાત્ર જણાતા નથી. વધુમાં ફરીયાદી એવી હકિકત જણાવેલ છે કે, તેને બુટની દોરીથી બાંધી દીધેલ. પરંતુ બુટની દોરીની હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદીના હાથ અને પગ આવી દોરીથી બાંધી શકાય તેવી હકિકત પણ માનવા પાત્ર જણાતી નથી. વધુમાં ફરીયાદીએ તેની સોગંદ પરની જુબાનીમાં એવુ પણ જણાવેલછે કે તેઓએ તેમની પાસે પૈસાની માંગણી થતાં તેમના કાકા મનુભાઈને ફોન કરેલ, મનુકાકા પાલનપુર હતા. ગાડી મહેસાણાથી થોડી આગળ નીકળી ત્યારે ફરીયાદી ના પત્નીનો ફોન ઈશ્વરભાઈના ફોન ઉપર આવેલ અને ઈશ્વરભાઈના મોબાઈલ થી વાત કરેલી. અને ટુંકમાં પતાવવાનુ કહેતાં પત્નીને કહેલ કે અત્યારે કામમાં છું તુ અત્યારે ફોન મુકી દે. આમ ફરીયાદીના પત્નીનો ફોન આરોપી ઈશ્વરભાઈ પર આવેલાની હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદી આરોપી ઈશ્વરભાઈ સાથે હોવાની હકિકત ફરીયાદીના પત્નીને પણ ખબર હોય તેવુ સ્પષ્ટપણે માની શકાય છે. વધુમાં ફરીયાદી ઘરેથી નીકળ્યા ત્યારે આરોપી ઈશ્વરભાઈ પણ તેમની સાથે આવે છે તેવી હકિકત જણાવીને નીકળેલા હોય તેવો કોઈ ફરીયાદ પક્ષનો પુરાવો નથી. આમ જયારે ફરીયાદીની પત્ની જાણતા હોય કે તેમના

પતિ ઈશ્વરભાઈ સાથે છે અને તો જ ઈશ્વરભાઈના ફોન ઉપર ફરીયાદીના પત્ની ફોન કરે, તે સંજોગોમાં આરોપીઓએ ખરેખર જો ફરીયાદીનુ અપહરણ કરેલુ હોય તો આ ફરીયાદીને ઉપાડી લઈ ગયા હોય અને આરોપી તથા ફરીયાદી સાથે હોય તે ઘરના સભ્યોને લેશમાત્ર જાણ ન હોય. વધુમાં ફરીયાદ હકિકત નજર સમક્ષ રાખતાં તા.૨/૭/૨૦૧૪ ના રોજ ફરીયાદી જયારે પોતાના ઘરેથી પોતાની કાર લઈ વતનમાં જમીનના કામ સબંધે જતા હતા ત્યારે રસ્તામાં આરોપી ઈશ્વરભાઈનો ફોન આવેલો તેવુ જણાવેલ છે આમ ફરીયાદી ઘરે હતા તે સમયે આરોપીનો ફોન આવેલાનુ પણ ફરીયાદમાંથી ફલિત થતુ ન હોય તે સંજોગો માં આરોપી ઈશ્વરભાઈ પણ ફરીયાદી સાથે હોવાનુ તેમના પત્નીના નોલેજમાં હોય અને તેઓએ ઈશ્વરભાઈને ફોન કરેલો હોય તે હકિકત નજર સમક્ષ રાખતાં પણ ફરીયાદીનુ અપહરણ થયેલાની હકિકત લેશમાત્ર માનવા પાત્ર જણાતી નથી. વધુમાં ફરીયાદીની ફરીયાદ તથા સરતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં જમીન સબંધે તકરાર હોવાનુ ફલિત થાય છે. પરંતુ તે જમીનની તકરાર સબંધે આરોપીઓએ ફરીયાદીનુ અપહરણ કરેલુ હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી.

**૧૨)** ફરીયાદપક્ષે આંક: ૫૦ થી સાહેદ રાજેશ ડાહ્યાલાલ જોશીને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩/૭/'૧૪ ના રોજ બપોરના ૩:૦૦ વાગે રૂચિરભાઈનો ફોન આવેલો અને કહેલ કે રૂપિયા દસ હજારની જરૂર છે અને ન હોય તો કયાંકથી સગવડ કરી તાત્કાલીક માણસા ચાર વડ નજીક આવી જાવ. જેથી તેઓ પૈસા આપવા માટે ચાર વડ ગયેલા. ત્યાં રૂચિરભાઈની નજર પડતાં એવુ કહેલ કે, થોડીવાર ઉભા રહો, અને ત્યાં તેઓ ઉભા રહેલા. તે વખતે રૂચિરભાઈ સાથે બે માણસો હતા. એક ઈશ્વરભાઈ હતા

અને બીજાને નામથી ઓળખતા નથી. અને કોર્ટ રૂબરૂ હાજર આરોપીઓને જોઈને પણ જણાવેલ છે કે, તે માંથી કોઈ ઈશ્વરભાઈ સાથે હાજર હતુ નહી. અને તેઓ ઉભા હતા ત્યાં ચેલાભાઈ રબારી કે જે જમીનની લે વેચ કરે છે તે આવેલા અને તે વખતે રૂચિરભાઈ ઉભા હતા ત્યાં તેઓની સાથે વાતો કરી બીજે જવાનુ કહી નીકળી ગયેલ અને પછી રૂચિરભાઈ અને તેની સાથે જે ઉભા હતા તે લોકો રૂચિરભાઈની ગાડીમાં નીકળી ગયેલ અને પૈસા લીધેલા નહી. તે વખતે ફોન કરતાં મોબાઈલ ફોન બંધ આવતો હતો. સાંજના છ સાડા છ વાગે રૂચિરભાઈનો મોબાઈલ પર એસએમએસ આવેલો અને એવુ લખેલ હતુ કે હું તકલીફમાં છુ, મહેસાણા છુ જેથી તેમના મિત્ર પ્રહલાદભાઈ ગોવિંદભાઈને જાણ કરેલી. જેથી તે તથા પ્રહલાદભાઈ મહેસાણા ગયેલા અને શોધખોળ કરતાં રૂચિરભાઈ મળેલા નહી. તેઓ અને પ્રહલાદભાઈ રૂચિરભાઈના વતન મુજપુર પણ ગયેલા અને તેમની શોધખોળમાં રૂચિરભાઈની કોઈ ભાળ મળેલી નહી અને મુજપુરથી હારીજ થઈ માણસા જતા હતા. હારીજ પહોંચતા હતા ત્યારે રૂચિરભાઈનો ફોન આવેલ કે શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં છુ. અને કહેલ કે શંખેશ્વર પોલીસ સ્ટેશન આવીએ છીએ. ત્યારબાદ સાહેદ અને પ્રહલાદભાઈ શંખેશ્વર પોલીસ સ્ટેશન ગયેલા. અને રૂચિરભાઈને મળેલ. રૂચિરભાઈએ કહેલ કે, વેડાની જમીન બાબતે તેમને તથા તેમના દીકરાને મારી નાંખવાની ધમકી આપે છે અને તેમનુ બીજી તારીખે અપહરણ કરેલ છે. રાજસ્થાન હોટલમાં લઈ જઈ તેમને મારઝુડ કરેલી છે અને ત્રીજી તારીખે માણસા ચેલાભાઈની ઓફિસે લાવેલ ત્યાં કોરા કાગળ ઉપર સહી કરાવવા મારઝુડ કરેલ અને ગાડીમાં બેસાડી આ લોકો લઈ ગયેલા. આમ, હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ કે જેમના પાસે રૂચિરભાઈએ ફોન કરી રૂપિયા દસ હજાર મંગાવતા તેઓ માણસા

પૈસા આપવા ગયેલા અને રૂચિરભાઈ એટલે કે ફરીયાદી જે દુર ઉભા હતા તેઓએ ઈશારો કરી હાલના સાહેદને પણ દુર ઉભા રહેવા કહેલ અને પૈસા લીધા વિના જતા રહેલા. તેવી હકિકત સાહેદે જણાવેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ પજ વર્ષના પુખ્ત ઉંમરના વ્યકિત છે અને કોઈ વ્યકિત એટલે કે પોતાના મિત્રએ પૈસા મંગાવેલા છે અને તે પૈસા આપવા ગયેલા ત્યારે પણ દુર ઉભા રહેવા ઈશારો કરી તેમને દુર ઉભા રાખેલા અને ત્યારબાદ પૈસા લીધા વિના જતા રહેલા. તો સ્વાભાવિક મનુષ્ય સ્વભાવ પ્રમાણે પૈસા આપવા ગયેલ વ્યકિતને શંકા ઉભી થાય કે પૈસા મંગાવ્યા બાદ દુર ઉભા રાખી પૈસા લીધા સિવાય શું કામ જતા રહેલ છે અને આવી ઘટના બની હોય તો કોઈ વ્યકિત તેના નજીકના અથવા કોઈ મિત્રને આવી હકિકતની ચોકકસપણે જાણ કરે. પરંતુ સાહેદની જુબાની વંચાણે લેતાં તે જ દિવસે તેઓએ કોઈને જાણ કરેલી હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી. વધુમાં તેઓને બપોરે ૩:૦૦ વાગે પૈસા આપવા માટે રૂચિરભાઈનો ફોન આવેલાનો જણાવેલ છે અને તે જ દિવસે સાંજના છ સાડા છ વાગે રૂચિરભાઈનો એસ.એમ.એસ. આવેલ અને તે તકલીફમાં હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ પ્રહલાદભાઈને વાત કરી મહેસાણા જઈ તપાસ કરેલાનુ સાહેદે જણાવેલ છે. આમ ખરેખર જો તેઓને એસ.એમ.એસ.આવેલ હોય બપોરની ઘટના એટલે કે ૩:૦૦ વાગે પૈસા આપવા ગયેલા અને ફરીયાદી પૈસા લીધા સિવાય સાહેદને દુર ઉભા રાખી અને ત્યારબાદ ગાડીમાં રવાના થઈ ગયેલ તેવુ સાહેદનુ કથન છે. આ ઘટના હાલના સાહેદના ધ્યાનમાં હોય અને ત્યારબાદ સાંજના છ સાડા છ વાગે તેઓ એટલે કે ફરીયાદી તકલીફમાં હોય તેવો મેસેજ મળ્યો હોય તો માણસનુ પ્રથમ રિએકશન તેને મદદ કરવા માટે પોલીસની કોઈ મદદ લે. પરંતુ હાલના સાહેદે પોતાના મિત્ર પ્રહલાદભાઈને

જણાવી મહેસાણા તપાસ કરવા ગયેલાનુ જણાવેલ છે. મહેસાણામાં ફરીયાદી નુ કોઈ ચોકકસ એવુ ઠેકાણુ હોય કે ત્યાં સામાન્ય રીતે ફરીયાદીની ઉઠક બેઠક હતી અને તેવી જગ્યાએ તે મળી રહે તેવી શકયતા હોય તે કારણે તે જગ્યાએ તપાસ કરવા ગયેલ હોય તેવુ સાહેદનુ કથન નથી કે તેવો ફરીયાદપક્ષનો કેસ પણ નથી. તે સંજોગોમાં મહેસાણામાં કઈ જગ્યાએ તપાસ કરેલી તેવી હકિકત સાહેદે અધ્યાહાર રાખેલી છે. તથા સાહેદ અને પ્રહલાદભાઈ ફરીયાદીની તપાસ કરવા મુજપુર પણ ગયેલા પરંતુ મુજપુરમાં તેમની કોઈ ભાળ મળેલી નહી અને મુજપુર થી હારીજ થઈ માણસા જતા હતા ત્યારે હારીજ પહોંચતા સમયે તેમને ફરીયાદીનો ફોન આવેલ કે તેઓ શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં છે. વધુમાં મજકુર આંક: ૫૦ વાળા સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે તેઓએ ઉલટ તપાસ માં એવી હકિકત જણાવેલ છે કે, તેઓ ચાર વડ પૈસા આપવા ૩:૦૦ વાગે પહોંચેલા અને ફરીયાદીની નજીક જતાં ફરીયાદીએ દુર ઉભા રહેવાનુ કીધેલુ તેથી તેઓ દુર ઉભા રહેલા અને આશરે વીસ થી પચ્ચીસ મીનીટ ત્યાં ઉભા રહેલા. વધુમાં સાહેદે ઉલટતપાસમાં એવુ પણ સ્વિકારેલ છે કે, મહેસાણામાં કઈ જગ્યાએ જવુ તેવી કોઈ માહીતી એસ.એમ.એસ.માં ન હતી. અને મહેસાણા જઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા પ્રયત્ન કરેલ નહી. મહેસાણા સૌ પ્રથમ કોર્ટ કંપાઉન્ડમાં પહોંચેલા. ત્યાં કોઈ વ્યકિતગત કોઈની સાથે વાત થયેલી નહી કે વકિલને મળેલા નહી. મહેસાણામાં કોર્ટ કંપાઉન્ડમાં જનપથ હોટલે તપાસ કરેલી. આમ ઉપરોકત હકિકત નજર સમક્ષ રાખતા સાહેદ અને તેના મિત્ર પ્રહલાદભાઈ મહેસાણા કોર્ટ માં ગયેલા છે તે સંજોગોમાં જો ફરીયાદી મુશ્કેલીમાં હોવાનો એસ.એમ.એસ. મળેલો હોય તો કોર્ટ કંપાઉન્ડમાં કોઈ વ્યકિત સાથે વાત કરેલી હોત અથવા તો કોર્ટમાં સામાન્ય રીતે પોલીસોની હાજરી હોય છે તો તે હકિકત પણ

પોલીસને જણાવી શકયા હોત. આમ સાહેદની જુબાની પણ તથા તેનુ વર્તન પણ શંકાસ્પદ બની રહે છે. વધુમાં મહેસાણા કેટલા વાગે પહોંચેલા તેના જવાબમાં જણાવેલ છે કે, સાડા સાત વાગે પહોંચેલા. અને મહેસાણામાં તપાસ કરતાં ઓછામાં ઓછો એક કલાક જેટલો સમય ગયેલો. તથા મહેસાણાથી મુજપુર ૮૦ થી ૯૫ કીમી જેટલુ અંતર હોવાનુ જણાવેલ છે. ગાડીમાં માણસાથી ગેસ પુરાવેલ અને મુજપુર રાત્રે અગિયાર વાગે આસપાસ પહોંચેલા. આમ, મજકુર ઉલટ તપાસ ની હકિકત નજર સમક્ષ રાખતાં સાહેદના કથન મુજબ તેઓ મુજપુર રાત્રે અગિયાર વાગે પહોંચેલા. જયારે તેમને છ સાડા છ વાગે એસ.એમ.એસ. આવેલો હોય અને રાત્રિના અગિયાર વાગ્યા સુધી ફરીયાદી/ભોગ બનનાર વિશે કોઈ સમાચાર મળતા ન હોય તો સામાન્ય મનુષ્ય સ્વભાવ પ્રમાણે કોઈ વ્યકિત અજુગતુ બનેલાની શંકા કરી પોલીસમાં તેની જાણ કરે.

૧૩) ફરીયાદપક્ષે આંક: ૫૩ થી સાહેદ પ્રહલાદભાઈ ગોવિંદભાઈને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૪ માં ત્રણેક તારીખની આસપાસ સાંજના તેમના મિત્ર રાજેશભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, રૂચિરભાઈનો તેના મોબાઈલ પર એસ.એમ.એસ. આવેલ છે અને જણાવેલ છે કે, હું તકલીફમાં છુ. મહેસાણા આવો અને મહેસાણા જવુ છે તેવુ જણાવતા તેઓ રાજેશભાઈ સાથે મહેસાણા જઈ શોધખોળ શરૂ કરેલ, પરંતુ રૂચિરભાઈ મળેલા નહી પછી તેમના વતન મુજપુર મુકામે શોધખોળ કરવા ગયેલ. પરંતુ મળેલા નહી જેથી પાછા આવતા હતા ત્યારે હારીજ મુકામે રાજેશભાઈ ના ફોન ઉપર રૂચિરભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, શંખેશ્વર પોલીસ સ્ટેશન છુ જેથી તેઓ તથા રાજેશભાઈ શંખેશ્વર પોલીસ સ્ટેશન ગયેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાં રૂચિરભાઈ મળેલા તેઓ અંદર હતા. અને

સાહેદ બહાર બેઠેલા હતા. પછી અંદર ગયેલા. રૂચિરભાઈએ એવુ કહેલ કે ઈશ્વર ભાઈ ચેલાભાઈ અને મહેશભાઈ લોકોએ ગાંધીનગરથી ઉઠાવેલ છે અને ધાક ધમકી આપીને બાંધીને લાવેલ છે તેમજ છોકરાને મારી નાંખવાની ધમકી આપેલી એવુ જણાવેલ. આ બાબતે રૂચિરભાઈએ પોલીસમાં ફરીયાદ આપેલી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં જે હકિકત રાજેશભાઈને એસ.એમ.એસ.દ્વારા રૂચિરભાઈએ જણાવેલ તે રૂચિરભાઈને હાલના સાહેદને જણાવેલાનુ ફલિત થાય છે અને સાહેદ રાજેશભાઈ સાથે ફરીયાદીની શોધખોળ માટે નીકળેલાનુ ફલિત થાય છે. વધુમાં હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે ઉલટતપાસમાં તેઓ પોલીસમાં નોકરી કરતા હોવાનુ લખાવેલ છે અને જે તે વખતે તેઓ વડોદરા નોકરી કરતાં હતા અને સરકારી એસ.આર.પી.માં નોકરી કરતા હતા. જાહેર રજા તેમજ બીજો અને ચોથો શનિ રવિ તેઓને રજા હોય છે. તેમનુ હેડ કવાર્ટર બરોડા હતુ. અલગ અલગ જગ્યાએ પોસ્ટીંગ થતુ હોય છે તેમના પરિવારવાળા બાલવા રહેતા હતા. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓને બાલવા ગામમાં દાખલ થતાં એકસીડન્ટ થયેલ. બનાવના અરસામાં મેડીકલ રેસ્ટ ઉપર હતા. કદાચ અકસ્માત ૨૦૧૩–૧૪ ના ગાળામાં થયેલ હોવો જોઈએ. રાજેશભાઈનો ફોન આવ્યો ત્યારે તેઓ ઘરે હતા. રાજેશભાઈએ માણસા ખાતેથી ફોન કરેલ. માણસામાં કયાં ઉભા હોય તેનુ લોકેશન તે વખતે જાણતા ન હતા. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, બનાવ અંગે જાત માહીતી નથી. રૂચિરભાઈએ સરતપાસમાં નામ લીધા તેઓને કોઈ ઝઘડો વાંધો હોય તો જાણતા નથી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતા સાહેદે જે હકિકત સાંભળેલી છે તેના આધારે જુબાની આપતા હોવાનુ અને તે રીતે સાહેદ ''હિયર્સે'' વિટનેસ હોવાનુ ફલિત થાય છે. વધુમાં સાહેદ કે જે એસ.આર.પી.માં નોકરી કરતા

હોય તેઓને જો રૂચિરભાઈ એટલે કે ફરીયાદી તકલીફમાં હોવાના એસ.એમ.એસ.ની જાણ રાજેશભાઈને કરેલ હોય તો એસ.આર.પી.માં જાગૃત માણસ તરીકે તેઓની એવી ફરજ હતી કે મહેસાણા તપાસ કરવા ગયા તે સમયે પોલીસમાં જાણ કરવી જોઈએ અને સાંજના છ સાડા છ વાગ્યાથી રાત્રિના ફરી ફરીયાદીનો ફોન ન આવ્યો ત્યાં સુધી ફરીયાદીની શોધખોળ ચાલુ રાખેલ, પરંતુ આશરે પાંચ થી છ કલાક સુધી સાહેદે પોલીસમાં કે અન્ય કોઈને જાણ કરેલ નથી.તે હકિકત નજર સમક્ષ રાખતાં આરોપી વિરૂધ્ધના ગુનાવાળા આક્ષેપમાં મજબુત શંકા ઉભી થાય છે.

૧૪) ફરીયાદપક્ષે આંક: ૫૭ થી સાહેદ શિલ્પાબેન રૂચિરભાઈને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨/૭/'૧૪ ના રોજ તેમના પતિ ઘરેથી માણસા જવા નીકળેલ અને તેમની જમીનનો દસ્તાવેજ કરાવવાનો હોય તેથી ગયેલા. ઈશ્વરભાઈ રત્નાભાઈ તેમની સાથેના માણસો આવેલા નહી. તેમના પતિ ઘરે આવેલા અને કહેલ કે, આરોપીઓનો બદઈરાદો જણાય છે. જમીનનો દસ્તાવેજ બે ત્રણ દિવસ પછી કરવાનુ જણાવેલુ. ત્યારબાદ તેમના પતિએ કહેલ કે જમીનના દસ્તાવેજો કરાવવાના હોય શંખેશ્વર જઈ કાગળો કરૂ છુ. તેવુ કહી ઘરેથી નીકળેલા અને મુજપુર જવાનુ કહેલુ તેમની સાથે એક જોડી કપડાં લીધેલા અને બ્રીઓ ગાડી લઈને નીકળેલા. સાંજ સુધી તેમના પતિ પરત ન આવતાં ફોન કરેલ પરંતુ ફોન બંધ આવેલો. તા.૩/૭/'૧૪ ના રોજ તેમના પતિ ન આવતા, તેમનો ફોન બંધ આવતો હતો જેથી તેમના મિત્ર પ્રેમ ભોજુમલને ફોન કરતાં તેમણે જણાવેલ કે, તા.૨/૭/'૧૪ ના રોજ તેમની પાસે ચાર હજાર માંગેલા અને આપેલા છે. જે પૈસા માંગેલા તે વખતે ઈશ્વરભાઈ રત્નાભાઈના ફોન ઉપરથી ફોન આવેલો. ત્યારબાદ પ્રેમભાઈએ ઈશ્વરભાઈનો



PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR सत्यमेव जयते

ફોન નંબર આપેલ અને ઈશ્વરભાઈને ફોન કરી એવુ જણાવેલ કે, રૂચિરની પત્ની બોલુ છુ. પછી ઈશ્વરભાઈએ તેના પતિને ફોન આપેલ અને તેના પતિ સાથે વાત થયેલી અને તે ગભરાયેલા અવાજે બોલતા હતા, હું ઠીક છુ અને કહેલ મારા દીકરાના સમાચાર પૂછેલ. જેથી મેં કહેલ કે બધુ બરાબર છે. ત્યારબાદ તેના પતિએ ગભરાયેલ અવાજે ફોન મુકી દીધેલ અને ફોન ઉપરથી એવુ લાગેલ કે, કઈંક બનેલ છે. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ રાત્રે અગિયાર વાગે તેના પતિનો શંખેશ્વર પોલીસ સ્ટેશનથી ફોન આવેલ અને જણાવેલ કે, ઈશ્વરભાઈ અને બીજા સાથીઓએ તેનુ અપહરણ કરેલ છે અને ગડદાપાટુનો માર મારેલ છે. તેના દીકરાને મારી નાંખવાનુ અને ખોટા દસ્તાવેજો કરવાના હોય અપહરણ કરેલ છે. તેમને પેટમાં દુ:ખાવો થતો હતો. તેમણે દીકરો ઘરમાં સલામત છે તે બાબતે પૂછેલ. આ બનાવની ફરીયાદ તેના પતિએ આપેલ. ત્યારબાદ તેના પતિ ઘરે આવતા બનાવની હકિકતની પણ જાણ કરેલી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ ફરીયાદીના પત્ની છે. હવે તેઓએ ફોન પ્રેમભાઈ પાસેથી ઈશ્વરભાઈનો ફોન નંબર લીધેલાનુ તેનુ કથન છે પરંતુ ઈશ્વરભાઈના ફોન પર ફોન કરેલો ત્યારે તેના પતિ ગભરાયેલા હોય તેવુ અને તેમના દીકરા વિશે પુછતાં હતા તેથી તેને કઈંક અજુગતુ થયાનુ લાગેલુ. પરંતુ આ ઘટના બાદ પણ મજકુર ફરીયાદીના પત્ની શિલ્પાબેને કોઈ જગ્યાએ કોઈ વ્યકિતને વાત કરેલ હોય કે પોલીસમાં આ બાબતે જાણ કરેલ હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી. વધુમાં ફરીયાદીએ તેની સોગંદ પરની જુબાનીમાં એવુ જણાવેલ કે, ઈશ્વરભાઈને બહુ વાત કરવા ના કહેતા પત્નીને એવુ માત્ર કહી દીધેલ કે, ઉતાવળમાં છુ પછી વાત કરૂ, જયારે પત્નીએ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પતિ સાથે વાત થયેલ, તેઓ ગભરાયેલા હતા, હું ઠીક છુ

તેવુ કહેલ અને દીકરાના સમાચાર પુછેલા. આમ દીકરાના સમાચાર જો ફરીયાદીએ પુછેલા હોત તો તે હકિકત તેની ફરીયાદમાં અને તેની જુબાનીમાં પણ તેઓએ જણાવેલ હોત. પરંતુ આવી હકિકત ફરીયાદીએ જણાવેલ નથી અને ફરીયાદીના પત્નીને તેના પતિનો અવાજ ગભરાયેલો લાગતો હતો અને તે કંઈક અજુગતુ બનેલ હોય તેવુ લાગેલાનુ જયારે સાહેદનુ કથન છે તો તેવા સંજોગોમાં જે વ્યકિત ફરીયાદીના મિત્ર પ્રેમભાઈ પાસેથી તેમને ઈશ્વરભાઈ નો નંબર મળેલો હોય તો તે પ્રેમભાઈને તો બનાવ સબંધે અથવા તો શંકા વ્યકત કરેલી હોત કે તેમના પતિનો અવાજ કેમ ગભરાયેલો છે અને તેઓએ પોલીસમાં પણ આ હકિકતની જાણ કરેલી હોત. આમ ફરીયાદીના પત્નીની કન્ડકટ નજર સમક્ષ રાખતા પણ મજબુત શંકા ઉભી થતી હોવાનુ ફલિત થાય છે.

**૧૫)** ફરીયાદ પક્ષે આંક : પ૯ થી સાહેદ પિતાંબર ઉર્ફે પ્રેમ ભોજુભાઈ મહેશ્વરીને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨/૭/'૧૪ ના રોજ ધંધાના સ્થળે અમદાવાદ જતા હતા ત્યારે સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ અજાણ્યા નંબર પરથી ફોન આવેલ, તેમાં વાત કરતાં સામે રૂચિરભાઈ હતા. તેઓએ જણાવેલ કે પૈસાની જરૂર છે જેથી કહેલ કે, અમદાવાદ થી નીકળુ છુ અને ગાંધીનગર થઈને જાઉ છુ. પછી ગાંધીનગર આવી ચ-૨ સર્કલ પાસે રૂચિરભાઈને ચાર હજાર આપેલ. તે સમયે રૂચિરભાઈ તથા તેમની સાથે ગાડી પાસે ઈશ્વરભાઈ રબારી ઉભા હતા. તેઓ પૈસા આપીને નીકળી ગયેલ. બીજા દિવસે તા.૩/૭/'૧૪ ના રોજ રૂચિરભાઈના પત્ની શિલ્પાબેન નો ફોન આવેલ અને પુછેલ કે, રૂચિરભાઈ કયાં છે, રૂચિરભાઈનો કાલથી ફોન બંધ આવે છે. પછી રૂચિરભાઈના ફોન ઉપર ફોન કરવા પ્રયત્ન કરેલ પરંતુ તે ફોન બંધ હતો. ત્યારબાદ તા.૨/૭/'૧૪ ના રોજ અજાણ્યા નંબરથી ફોન આવેલો. તે પર

પોતાના ફોનથી ફોન કરેલ. તે ફોન રૂચિરભાઈએ ઉપાડેલ અને એવુ કહેલ કે કામમાં છુ પછી તમને ફોન કરુ છુ. એમ કહી ફોન કટ કરેલ, ત્યારબાદ રૂચિરભાઈના પત્નીને આ નંબર આપેલો. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૪/૭/'૧૪ ના રોજ રૂચિરભાઈએ તેમના ફોન ઉપરથી ફોન કરેલ અને એવુ જણાવેલ કે, તેનુ અપહરણ થઈ ગયેલુ હતુ. ઈશ્વરભાઈ આજરોજ કોર્ટમાં હાજર છે તેને ઓળખી બતાવેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ફરીયાદીના પત્નીનો તેમના પર ફોન આવેલ અને પુછેલ કે રૂચિરભાઈ કયાં છે ? પરંતુ ફરીયાદીના પત્નીની જુબાની વંચાણે લેતાં કે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં હાલના સાહેદ એટલે કે ફરીયાદીના મિત્રને ફરીયાદી વિશે માહીતી હોય કે તા.૨/૭/'૧૪ ના રોજ ફરીયાદીએ તેમને બોલાવી પૈસા મંગાવેલ હોય તેવી હકિકત શિલ્પાબેનના ધ્યાન પર હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી. તે સંજોગોમાં ફરીયાદીના પત્નીએ હાલના સાહેદને તેમના પતિ વિશે પુછપરછ કરેલી અને તેમની પાસેથી ઈશ્વરભાઈનો નંબર મળેલો તે હકિકત શંકાપ્રેરિત બની રહે છે. વધુમાં ફરીયાદીએ તેઓ તકલીફમાં તેવો મેસેજ રાજેશભાઈને કરેલો. તે રીતે ફરીયાદીએ પણ જાણ જયારે રાજેશભાઈ ને કરેલી છે અને તે જાણ હાલના સાહેદને કરેલી હોય તેવી કોઈ હકિકત ફલિત થતી નથી. તે સંજોગોમાં હાલના સાહેદ જયારે ફરીયાદીને મળ્યા ત્યારે ફરીયાદી કોઈ તકલીફમાં હોય તેવુ તેમના ધ્યાન પર આવેલુ નહી તેવુ સ્વિકારેલ છે. વધુમાં આ કામે રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેતાં તપાસ કરનાર અમલદારશ્રીએ પણ કોઈ ફોનના સીડીઆર રજુ કરેલ નથી. તે સંજોગોમાં ખરેખર ફરીયાદીને તેના મિત્ર એટલે કે હાલના આંક: ૫૯ વાળા સાહેદ કે રાજેશભાઈ સાથે કોઈ વાતચીત થયેલી કે કેમ ? ફરીયાદીએ તેના કાકા મનુભાઈને ફોન કરેલ કે કેમ ? તથા ફરીયાદીના

પત્નીએ હાલના સાહેદ એટલે કે આંક: ૫૯ વાળા સાહેદને ફોન કરેલો હોય અને તે આધારે ફરીયાદીના પત્નીએ ઈશ્વરભાઈને ફોન કરેલ હોય વગેરે હકિકત પ્રસ્થાપિત કરવા માટે આ કામે સીડીઆર ખુબ મહત્વનો પુરાવો છે. જે આ કામે રજુ થયેલ નથી.

**<u>પંચસાહેદોનો પુરાવો :–</u>**

**૧૬)** ફરીયાદપક્ષ તરફે આંક: ૩૦ થી પંચ રાઘવદાન બચુદાન ગઢવીને તથા આંક: ૩૧ થી ઈશ્વરભાઈ દલાભાઈ રામીને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદોએ તેમની સોગંદ પરની જુબાનીથી આંક: ૧૦૮ વાળા પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. બંને પંચ સાહેદોએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેમની હાજરીમાં પંચનામાની કોઈ કાર્યવાહી કરેલી હોય તેવુ બનેલુ નથી. આમ હાલના સાહેદોની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ઉપરોકત પંચનામાની વિગતે ફરીયાદીની કાર હાલના સાહેદોની હાજરીમાં કબજે લેવાયેલ હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી.

**૧૭)** ફરીયાદપક્ષ તરફે આંક: ૬૫ થી સાહેદ જયેન્દ્રસિંહ જીવણસિંહ ચાવડાને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બીછીવાડા કાઠિયાવાડી હોટલમાં વેઈટર તરીકે કામ કરતા હતા. તેમની હોટલના માલિક ધર્મેન્દ્રસિંહ ચૌહાણ હતા. તેમની હોટલનો લાયસન્સ નં. ૩/૨૦૦૬–૨૦૦૭ નો છે. પોલીસે તેમની પુછપરછ કરેલી અને તેઓ જે જાણતા હતા તે હકિકત જણાવેલ. પોલીસે તેમનુ નામ સરનામુ લખાવેલ. તેઓ રૂચિરભાઈને ઓળખતા નથી. તેમના બનાવ વિશે પોલીસને કોઈ માહિતી હકિકત લખાવેલી નહી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ ની જુબાનીથી ફરીયાદપક્ષના કેસની હકિકતને લેશમાત્ર સમર્થનકર્તા નથી.

વધુમાં હાલના સાહેદને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને સાહેદની ઉલટતપાસ કરવા માટે વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવા માં આવેલ છે. પરંતુ સાહેદની ઉલટતપાસ એ.પી.પી.ધ્વારા થયેલ છે તેમાં પણ સાહેદ એ હકિકતને વળગી રહેલ છે કે, તેઓ બનાવ વિશે કાંઈ જાણતા નથી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં હાલના આક્ષેપવાળા બનાવ સબંધે એટલેકે ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થન મળતુ નથી.

૧૮) ફરીયાદપક્ષે આંક: ૬૮ થી સાહેદ મહિપતરામ માધવલાલ વ્યાસને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૪/ ૭/'૧૪ ના રોજ ૧૩:૩૦ થી તા.૪/૭/'૧૪ ના રોજ ૧૧:૧૫ સુધી શંખેશ્વર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. ચાર્જમાં હતા તે દરમ્યાન રાત્રે પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ. બી.વી.પટેલ નાઓએ તેમને એક લેખિત ફરીયાદ હુકમ સાથે આપેલી. જે '૦' નંબરથી દાખલ કરી ઉપરોકત ગુનો ગાંધીનગર સેકટર– ૭ પોલીસ સ્ટેશનનો હોય ત્યાં મોકલી આપવા તજવીજ કરેલી. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓએ ઉપરોકત ફરીયાદ '૦' નંબરથી નોંધી લઈ એફ.આઈ. આર. દાખલ કરેલી. જે એફ.આઈ.આર. આંક: ૭૧ થી રજુ કરેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ફરીયાદીના કથન મુજબ તેઓએ ફરીયાદ શંખેશ્વર પોલીસ સ્ટેશનમાં આપેલી. તે સબંધેની એફ.આઈ. આર. હોવાનુ ફલિત થાય છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે પ્રમાણે ફરીયાદીની સરતપાસ તથા ફરીયાદ હકિકતમાં ખુબ મહત્વના વિરોધાભાસ આવતા હોય તે સંજોગોમાં ઉપરોકત આક્ષેપવાળા ગુના સબંધે આરોપીઓને શંકાનો લાભ મળી રહે છે.

૧૯) ફરીયાદપક્ષે આંક: ૭૫ થી સાહેદ પ્રવિણભાઈ અંબાલાલ રાઠોડને સોગંદ પર તપાસેલા છે મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૪/૭/'૧૪ ના રોજ તેઓ સેકટર–૭ પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે બપોરે ૨:૦૦ વાગ્યાથી રાત્રિના ૮:૦૦ વાગ્યા સુધી તેમની ફરજ હતી. અને રૂચિર બાલશંકર ત્રિવેદીની શંખેશ્વર પોલીસ સ્ટેશને દાખલ થયેલી '૦' નંબર ની ફરીયાદ તેમના પોલીસ સ્ટેશન તરફ આવતા, સેકટર–૭ પોલીસ સ્ટેશના ફર્સ્ટ ગુના રજી. નં. ૧૫૩/૨૦૧૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૩, ૩૪૨, ૩૮૪, ૫૦૬(૨),૩૨૩ ને સાથે વાંચતા ૧૧૪ ની શિક્ષાને પાત્ર ગુના સબંધેની ફરીયાદ નોંધી લીધેલી અને સ્ટેશન ડાયરીમાં તેની નોંધ કરેલી. અને ત્યારબાદ તપાસ માટે કાગળો પી.આઈ.શ્રી કે.એમ.જોસેફ તરફ મોકલી આપેલા. શંખેશ્વર પોલીસ સ્ટેશનનો રીપોર્ટ આંક: ૭૬થી રજુ કરેલ છે. આંક: ૭૭ થી સુચિપત્ર રજુ કરેલ છે. અને આંક: ૭૮ થી સ્ટેશન ડાયરીનો ઉતારો રજુ કરેલ છે. અસલ એફ. આઈ.આર. આંક: ૭૯ થી રજુ કરેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં શંખેશ્વર પોલીસ સ્ટેશને દાખલ થયેલ '૦' નંબરની ફરીયાદ ટ્રાન્સફર થઈને આવતાં તેઓએ નોંધી લઈ આગળની તપાસ પી.આઈ.શ્રી જોસેફને સોંપેલાનુ ફલિત થાય છે.

૨૦) ફરીયાદપક્ષે આંક: ૯૭ થી સાહેદ સુભાષચંદ્ર કીર્તીલાલ ત્રિવેદીને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩/૭/'૧૪ ના રોજ તેઓ પાટણ એલ.સી.બી.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દિવસે તેમના પરીચિત રૂચિરભાઈ ત્રિવેદીનો મેસેજ તથા ફોન તેમના મોબાઈલ ઉપર આવેલો. જેમાં જણાવેલ કે તેમનુ અપહરણ થયેલ છે તેમની ગાડીમાં હારીજ તરફથી લાવે છે. તે મેસેજ આધારે પાટણ એલ.સી.બી. પી.એસ.

આઈ. રાણાને આ બાબતની પાટણ કન્ટ્રોલમાં જાણ કરવા જરૂરી નાકાબંધી માટે સૂચના આપવા જણાવેલ. સાહેદ વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ રૂચિરભાઈના મેસેજ આવેલ અને સમી શંખેશ્વર બાજુ એવુ જણાવેલ. જેથી શંખેશ્વર પી.આઈ. પટેલને ફોન કરી આ બાબતની જાણ કરેલી. પછી પી.એસ. આઈ. પટેલે મોડેકથી જાણ કરેલ કે ગાડી અને અપહરણકારો મળી આવેલા છે જેથી નાકાબંધી જે કરવામાં આવેલી તે બાબતની ફરીથી જાણ કરવા પી.એસ. આઈ.ને સૂચના આપવામાં આવેલી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ફરીયાદીના કથન મુજબ તેમના જાણીતા પોલીસવાળા પાટણ ખાતે પોલીસમાં હતા તેમને તેઓએ બનાવની જાણ કરેલી તે સાહેદ હોવાનુ ફલિત થાય છે. પરંતુ ફરીયાદીની સોગંદ પરની જુબાની તથા ફરીયાદ હકિકત વંચાણે લેતાં ફરીયાદીનુ અપહરણ થયાની હકિકત શંકાસ્પદ બની રહેતી હોય તે સંજોગોમાં હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં પણ ફરીયાદીએ જે મેસેજ કરેલ છે તે મેસેજ અને ફોન કોલ સાહેદને મળેલ હોય તો પણ ફરીયાદપક્ષ ફરીયાદીનું અપહરણ થયાનુ સાબીત કરવામાં નિષ્ફળ રહેતા હોય તે સંજોગોમાં ફરીયાદીએ હાલના સાહેદને જાણ કરવા માત્રથી ઉપરોકત ગુનો બનતો હોવાનુ માની શકાય નહી.

**૨૧)** ફરીયાદપક્ષે આંક: ૧૦૩ થી ડો.અરણીક ધીરજકુમાર પુરોહિતને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હાલમાં તેઓ બોમ્બે મહારાષ્ટ્ર ખાતે સૈફી હોસ્પિટલમાં ઓર્થોપેડીક સર્જન તરીકે ફરજ બજાવે છે. તા.૪/૭/'૧૪ ના રોજ મેડીકલ ઓફિસર તરીકે શંખેશ્વર સી.એચ.સી. ખાતે ફરજ બજાવતા હતા. તે દિવસે ૧૦:૨૦ કલાકે રૂચિર બાલશંકર ત્રિવેદીને પોલીસ યાદી વગર પોલીસ સારવાર માટે લાવેલ. સાહેદે વધુમાં

જણાવેલ છે કે, તેઓને બહારના દર્દી તરીકે તપાસ કરેલ. તેઓએ જણાવેલ કે, અજાણ્યા લોકો ધ્વારા માર મારેલ છે. તેમને તકલીફમાં પેટમાં એ.પી.ગેસટ્રીક રીજનમાં દુખાવો હતો. બંને પડખામાં દુખાવો હતો અને કમરના પાછળના ભાગે નીચેના હિસ્સામાં દુખાવો હતો. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓની સારવાર કરેલી અને તેમની ઈજા ગંભીર જણાતા કમરનો એકસ–રે અને પેટની સોનોગ્રાફી કરવા પાટણ સીવીલ હોસ્પિટલમાં રીફર કરેલા. આ અંગેનુ સર્ટીફિકેટ આંક: ૧૦૪ થી રજુ થયેલ છે. તેમને થયેલી ઈજાઓ ગડદાપાટુનો માર મારવાથી થઈ શકે તેવી હતી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં ફરીયાદીએ પ્રાથમિક સારવાર હાલના ડોકટર પાસે કરાવેલાનુ ફલિત થાય છે. પરંતુ સારવાર માટે પોલીસ સાથે ગયેલ હોવા છતાં પોલીસે સાથે સારવાર માટે કોઈ યાદી કરેલી ન હોવાની હકિકત શંકાસ્પદ બની રહે છે. વધુમાં સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદી જયારે સારવાર માટે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હોવાનુ તથા દર્દીને કઈ જગ્યાએ, કોઈના ધ્વારા, કેટલા વાગે માર મારેલ તેવી હકિકત લખાવેલ નહી હોવાનુ સ્વિકારેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, જયારે દર્દીને શરીરના બાહય ભાગે જણાઈ આવે તેવી કોઈ ઈજા દેખાયેલી ન હતી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, તેઓએ જે દવા આપી તે પેઈન કીલર પ્રકારની હતી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની તથા આંક: ૧૦૪ વાળુ સર્ટીફિકેટ વંચાણે લેતાં ફરીયાદીએ જયારે સારવાર માટે તેને લઈ ગયા ત્યારે તેઓને ઈજા કરનાર કે અપહરણ કરનારના કોઈ નામ લખાવેલા નથી. તે હકિકત નજર સમક્ષ રાખતાં ખરેખર જો આરોપીઓએ તેમનુ અપહરણ કરેલુ હોત અને માર મારેલ હોત તો તેમના નામ ફરીયાદીએ ચોકકસપણે ડોકટરશ્રી પાસે જાહેર કરેલા હોત. કારણ કે, ફરીયાદી તમામ

આરોપીઓના નામ પ્રથમથી જ જાણતા હતા. ખાસ કરીને આરોપી નં.૧ ઈશ્વરભાઈ અને આરોપી નં. ૨ પ્રભાતભાઈ કે જે ફરીયાદીના આક્ષેપ મુજબ ગાંધીનગરથી જ તેમની સાથે હતા અને કાઠિયાવાડી હોટલમાં જયારે માર મારેલ ત્યારે આ બંને આરોપીઓ હતા ત્યારે ખરેખર આ બંને આરોપીઓએ જો માર મારેલ હોત કે અપહરણ કરેલ હોત તો તેમના નામ ફરીયાદીએ ચોકકસપણે ડોકટરશ્રી પાસે જાહેર કરેલ હોત. વધુમાં જયારે સારવાર કરાવવા ગયા ત્યારે ફરીયાદીની સાથે પોલીસ પણ હતી અને તે સંજોગોમાં તે સમયે ફરીયાદીને કોઈ ભય હોય કે ડરના કારણે નામ લખાવેલા ન હોય તેવી પણ હકિકત લેશમાત્ર માનવાપાત્ર જણાતી નથી.

**૨૨)** ફરીયાદપક્ષે આંક: ૧૦૬ થી બાબુભાઈ વિરાભાઈને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૪ માં શંખેશ્વર પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે તા.૩/૭/૨૦૧૪ ના રોજ પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા તે દરમ્યાન ફરીયાદીએ ફરીયાદ હકિકત લખાવવા માંગતા હોય તેના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ '૦' નંબરથી દાખલ લઈ સેકટર–૭ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપેલી. આ ફરીયાદ આંક: ૧૦૭ થી રજુ થયેલ છે. હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, એફ.આઈ.આર.ના કોલમ નં.૪ માં એવુ જણાવેલ છે કે, ફરીયાદીને લેખિત ફરીયાદ રજુ કરેલી. એ હકિકત ખરી ન હોવાનુ જણાવે છે કે, ફરીયાદી લેખિત ફરીયાદ લઈ તેમની પાસે આવેલા. લેખિત ફરીયાદનો અર્થ એવો કરેલ છે કે, તેમના રૂબરૂ રાઈટર પાસે લખાવીને આપેલી હોય તે. સાહેદે ઉલટ

તપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, પંચનામુ કર્યુ તે સમયે આરોપીઓની અંગજડતીનુ કે અટકનું અલગથી પંચનામુ કરેલ નથી.

૨૩) ફરીયાદપક્ષે આંક: ૧૧૬ થી સાહેદ કે.મીની.જોસેફને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૪/૭/૨૦૧૪ ના રોજ તેમની ફરજ પર હતા તે સમયે '૦' નંબરથી દાખલ થયેલ શંખેશ્વર પોલીસ સ્ટેશન, જિલ્લો પાટણથી ફરીયાદીની ફરીયાદ હકિકત તેમના પોલીસ સ્ટેશન તરફ દાખલ થવા માટે આપેલ. જે પી.એસ.ઓ.એ ફર્સ્ટ ગુના રજી. નં. ૧૫૩/૨૦૧૪ થી નોંધી લીધેલી. આ ફરીયાદ સાથે શંખેશ્વર પોલીસ સ્ટેશન માંથી તૈયાર કરેલ પંચનામુ પણ તેમને મળેલુ. તથા મુદ્દામાલ પાવતી તેમજ ફરીયાદીની સારવાર પાટણ સીવીલ હોસ્પિટલ ખાતે થયેલી તેની યાદીની ઓ.સી. મળેલી. આરોપી ઈશ્વરભાઈ રાયકા ગુનાવાળી જગ્યાએથી પકડાયેલા હોય તેઓની પુછપરછ કરી અટક કરવાની વિધિ કરેલી. તથા આરોપીના રીમાન્ડ મેળવી કિંગફિશર હોટલ, રાજસ્થાન ખાતે જઈ તપાસ કરેલી. અને ફરીયાદી અને અન્ય બે આરોપી સાથેના સીસીટીવી ફુટેજ મેળવેલા. કિંગફિશરના મેનેજરનુ નિવેદન નોંધેલુ. રાજસ્થાન જવાના રોડ ઉપર રતનપુર બોર્ડર પાસે ટોલ ટેકસ આવેલ છે તે પસાર કરી રાજસ્થાન કિંગફિશર હોટલમાં જવાનુ થતુ હોય ટોલ ટેકસના સીસી ટીવી ફુટેજ કબજે લીધેલા. ડુંગરપુર જિલ્લો રાજસ્થાનની હદમાં હતો. ત્યાં ફરીયાદીને કાઠિયાવાડી વીછીવાડા હોટલમાં ગોંધી રાખેલ તે હોટલમાં તપાસ કરતાં ત્યાંના રજીસ્ટરનો ઉતારો મેળવેલ અને આ ઉતારામાં ક્રમ નં. ૮ ની એન્ટ્રી છે તેમાં તા.૧/૭/૨૦૧૪ ના રોજ ફરીયાદીશ્રી રૂચિર બી. ત્રિવેદીનુ નામ છે. તેઓની સાથે બીજા ત્રણ સભ્યોની સંખ્યા દર્શાવેલ છે અને આ બાબતે હોટલ મેનેજરનું નિવેદન લીધેલુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન

ફરીયાદીએ જણાવેલ કે, આરોપીઓ તેઓની પાસેથી શરૂઆતમાં પૈસાની મદદ માંગતા ફરીયાદીએ પૈસા ન હોય તેમના મિત્ર પ્રેમ ગુજ્જુમલ પાસેથી ત્રણ હજારની મદદ લીધેલી. આ બાબતની સાહેદ તરીકે પ્રેમ ગુજ્જુમલનુ નિવેદન લીધેલ. તથા અપહરણ દરમ્યાન રૂા.૧૦,૦૦૦/- ની માંગણી કરેલ અને તે સબંધે ફરીયાદીના મિત્ર રાજેશભાઈ ડાહ્યાભાઈનું નિવેદન નોંધેલુ. ફરીયાદીના પત્ની શિલ્પાબેનનું પણ નિવેદન નોંધેલુ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. સાહેદે વધુમાં જણાવેલ છે કે, કિંગફિશર હોટલના તેમજ ટોલ ટેક્સ વાટડાના સીસી ટીવી ફુટેજમાં હોટલના પાર્કિંગનો જે વીડીયો છે તેમાં પ્રથમ આરોપી ઈશ્વરભાઈ જાય છે ત્યારબાદ ફરીયાદી સાથે આરોપી પ્રતાપભાઈ જાય છે. તે તા.૩/૭/'૧૪ ના બપોરે ૧:૪૫ વાગે હોટેલના પાર્કિંગમાંથી બહાર નીકળતા જણાય છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં હાલના બનાવ સબંધેની તપાસ તેઓએ કરેલાનું ફલિત થાય છે અને કિંગફિશર હોટલના જે ફુટેજ છે તેમાં તા.૩/૭/'૧૪ ના રોજ ૧:૪૫ કલાકે એટલે કે રાત્રિના પોણા બે વાગે હોટલના પાર્કિંગમાંથી બહાર નીકળતા જણાય છે અને આરોપી ઈશ્વરભાઈ આગળ છે અને ફરીયાદી તથા પ્રતાપભાઈ પાછળ જતા હોવાનુ જણાવેલ છે. તે હકિકત નજર સમક્ષ રાખતાં તે સમયે ફરીયાદીને પકડી રાખેલ હોય કે કોઈપણ પ્રકારે ફરીયાદીને ડરમાં રાખેલ હોય તેવી સાહેદની જુબાની પરથી કોઈ હકિકત ફલિત થતી નથી. વધુમાં સાહેદ ની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. તેઓએ ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આ કેસની તપાસ દરમ્યાન ફરીયાદી કે સાહેદ કે આરોપીઓના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ્સ કઢાવી ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. વધુમાં એ હકિકત પણ સ્વિકારેલ છે કે, તપાસ દરમ્યાન આરોપીઓને

મોટરકારનુ ડ્રાઈવિંગ આવડતુ હતુ કે કેમ તે બાબતે આર.ટી.ઓ. ઓફિસર સમક્ષ આરોપીઓનો ડ્રાઈવિંગ ટેસ્ટ કરાવી કોઈ પંચનામુ કે રીપોર્ટ રજુ કરેલ નથી વધુમાં સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ફરીયાદીના તા.૫/૪/૨૦૧૪ ના રોજ નિવેદન લીધેલુ. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ફરીયાદીની શંખેશ્વર ખાતે '૦' નંબરની જે ફરીયાદ લેવામાં આવેલ તેમાં ''રતનપુર બોર્ડર થઈ રાજસ્થાનની હદમાં રોડની સાઈડમાં આવેલ કિંગફિશર નામની હોટલ નજીક અંધારામાં ઉભી રાખેલ અને મને પકડી ગાડીની આગળની સાઈડની ખાલી સીટમાં બેસાડી મારા બુટની દોરીથી હાથ અને પગ સીટ સાથે બાંધી દીધેલ છે તેવુ લખાવેલ છે.'' એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ફરીયાદીએ તા.૫/૭/૨૦૧૪ ના તેમની રૂબરૂના નિવેદનમાં એવી હકિકત જણાવેલ છે કે, ''હોટલ કિંગફિશર ગાડી ઉભી રાખેલ અને મને બંને આરોપીઓએ ધમકી આપેલ કે, અમારે દારૂ પીવો છે અને તને ગાડીમાંથી નીચે ઉતારીએ છીએ.'' આમ ફરીયાદી ની ફરીયાદ અને આઈ.ઓ. સમક્ષના નિવેદનમાં વિરોધાભાસ હોવાનુ આઈ.ઓ. એ સ્વિકારેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીએ તેની ઉલટતપાસમાં એ હકિકત સ્વિકારેલ છે કે, નરપતસિંહ લાલસિંહ કે જેઓ કિંગફિશર હોટલના મેનેજર હતા તેઓનો જવાબ લીધેલો અને જેઓને ચાર્જશીટમાં સાહેદ નં.૮ તરીકે દર્શાવેલ છે. તેઓએ કિંગફિશર હોટલના સીસી ટીવી ફુટેજ રજુ કરતાં હોવાનુ નિવેદનમાં લખાવેલ છે. આ ફુટેજ કિંગફિશરના હોવાનુ ફુટેજ જોતાં દેખાતુ નથી. તપાસ કરનાર અમલદારે ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે, એ વાત સાથે હું સમંત નથી કે પિતાંબર ભોજુમલ અને રાજેશભાઈ ડાહયાભાઈના નિવેદન પ્રમાણે ફરીયાદી તકલીફમાં હોય તેવુ જણાતુ ન હતુ. રાજેશભાઈ ડાહયાભાઈના નિવેદન માં ફરીયાદી તકલીફમાં હોય તેવુ જણાયેલુ છે. પરંતુ મજકુર બંને સાહેદોના પુરાવા

નજર સમક્ષ રાખતા ફરીયાદી તકલીફમાં હોય તેવુ તેઓને જણાયેલ નહી તેવુ સ્વિકારેલ છે. વધુમાં ખરેખર જો તે વખતે ફરીયાદી તકલીફમાં હોય એટલે કે સાહેદ રાજુભાઈ અને પિતાંબર ભોજુમલ મળ્યા ત્યારે ફરીયાદી તકલીફમાં હોય તો બંને સાહદોએ ચોકકસપણે ફરીયાદીના પરીવારજન કે પોલીસમાં આ સબંધેની જાણ કરેલી હોત. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ગાંધીનગરથી શંખેશ્વરના રોડ ઉપર આવતા ટોલ ટેકસના કુટેજ કબજે લીધેલ નથી. ફરીયાદીએ કોઈ ટોલ ટેકસની રીસીપ્ટ તેમના સમક્ષ રજુ કરેલ નથી. સાહેદે એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આ કામે રજુ થયેલ પાંચ સીડીમાં જે કલીપ છે તે પૈકી એક કલીપમાં આરોપી નં.૧ ટેલીફોન ઉપર વાત કરતા કરતા સૌ પ્રથમ આગળ ચાલીને જતા જણાય છે. પાંચ કલીપ પૈકી એક કલીપમાં આરોપી નં. ૨ એ ફરીયાદીનો હાથ કે બાવડું કે શરીરનો કોઈ અન્ય ભાગ પકડેલ હોય તેવુ જણાતુ નથી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આ વીડીયોમાં જગ્યાનુ સ્થળ જાહેર થતુ નથી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, પાંચ પૈકી એકપણ કલીપમાં ત્રણેય ઈસમો સાથે ચાલીને જતા હોય તેવુ જણાતુ નથી. ફરીયાદીના હાથ કે મોઢું બાંધેલ હોય તેવુ કલીપમાં દેખાતુ ન હોવાનુ સ્વિકારેલ છે. આમ તપાસ કરનાર અમલદારશ્રીની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં પણ તેઓએ તપાસ સમયે વીંછીવાડા ખાતે આવેલ કાઠિયાવાડી હોટલના રજીસ્ટર કબજે લીધેલ છે. આ રજીસ્ટરમાં તા.૧/૭/૨૦૧૪ ના રોજ આઠ નંબરની એન્ટ્રીમાં ફરીયાદી રૂચિરભાઈનુ નામ લખાયેલ છે અને સાથે બીજા ત્રણ સભ્યો દર્શાવેલ છે. તે હકિકત નજર સમક્ષ રાખતા તથા ફરીયાદીની ફરીયાદ હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદીના આક્ષેપ મુજબ ખરેખર તેમનુ અપહરણ તા.૨/૭/૨૦૧૪ ના રોજ સાંજના સમય બાદ થયેલ છે અને તા.૨/૭/'૧૪ ના

રાત્રિના સમયે તેઓ આ કાઠિયાવાડી હોટલમાં રોકાયેલા છે. તે સંજોગોમાં તા.૧ /૭/૨૦૧૪ ના રોજ રૂમ નં. ૮ પરની જે એન્ટ્રી છે તે હકિકત નજર સમક્ષ રાખતાં ફરીયાદી આ હોટલથી માહિતગાર હોય અને તો૧/૭/'૧૪ ના રોજ આ હોટલમાં તેઓએ રોકાણ કરેલુ હોય તેવુ સ્પષ્ટપણે માનવાને કારણ રહે છે. વધુમાં કિંગફિશર હોટલના સીસી ટીવી ફુટેજ જોઈ તપાસ કરનાર અમલદારશ્રીએ જણાવેલ છે કે, તા.૩/૭/'૧૪ ના કલાક ૧:૪૫ વાગે હોટલના પાર્કિંગમાંથી આરોપી તથા ફરીયાદી બહાર જતા દેખાય છે. તે હકિકત નજર સમક્ષ રાખતાં તા.૩/૭/'૧૪ ના રાત્રિના પોણા બે વાગ્યે ફરીયાદી તથા આરોપીએ કિંગફિશર હોટલ છોડી ત્યારબાદ કાઠિયાવાડી હોટલમાં તેઓ રોકાણ કરવા ગયેલ છે તે રીતે તા.૩/૭/'૧૪ ના રાત્રિ સમય દરમ્યાન ફરીયાદી તથા આરોપી આ હોટલમાં રોકાયેલા છે. હવે જો ખરેખર હોટલમાં તા.૩/૭/'૧૪ ના રોજ રોકાયેલ હોત તો તેના ગેસ્ટ રજીસ્ટરમાં હાજર મેનેજર ચોકકસપણે તેમની તા.૩/૭/'૧૪ માં પણ એન્ટ્રી કરાવત. પરંતુ આ કામે તપાસ કરનાર અમલદારની જુબાની વંચાણે લેતાં તા.૧/૭/'૧૪ ના રોજ રૂમ નં. ૮ પર ફરીયાદીના નામની નોંધ થયેલ છે અને સાથે અન્ય ત્રણ વ્યકિત હોવાનુ લખાયેલ છે તે હકિકત નજર સમક્ષ રાખતા તા.૩/૭/'૧૪ ના રોજ આરોપીઓ ફરીયાદીને લઈ આ કાઠિયાવાડી હોટલમાં ગયા હોય તેવી હકિકત લેશમાત્ર માનવા પાત્ર જણાતી નથી. આમ, રેકર્ડ પરનો તમામ પુરાવો વંચાણે લીધો. તે નજર સમક્ષ રાખતા આ કામના આરોપીઓએ બનાવના દિવસે એટલે કે તા.૨/૭/૨૦૧૪ ના રોજ ફરીયાદીને, ફરીયાદીની પોતાની જ ગાડીમાં અપહરણ કરી લઈ જઈ અને ગુનો આચરેલ હોય તેવી હકિકત લેશમાત્ર સાબિત થતી નથી. તે સંજોગોમાં ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા આરોપીઓ વિરૂધ્ધનો

આક્ષેપવાળો ગુનો તમામ વ્યાજબી શંકાથી પર સાબિત કરવો જોઈએ. જે આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપવાળો ગુનો વ્યાજબી શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ રહેતા હોય ફરીયાદીની ફરીયાદ અને સરતપાસની હકિકતો પરસ્પર વિરોધાભાસી આવતી હોય, ફરીયાદીને કિંગફિશર હોટલમાં, કાઠિયાવાડી હોટલમાં તથા કલોલ ખાતે પણ તેમને બચાવવા માટે બુમો પાડી લોકોની મદદ લઈ શકે તેવા ચાન્સ હતા તે હકિકત રેકર્ડ પરથી ફલિત થાય છે. કારણ કે ત્યાં સુધી આ કામના આરોપીઓએ ફરીયાદીને તેના પુત્ર સબંધે કોઈ ધમકી આપેલાનુ લેશમાત્ર ફલિત થતુ નથી. તથા ફરીયાદીની ગાડીમાં બેબીલોક હતુ તેવુ ફરીયાદીનુ કથન છે પરંતુ તે હકિકત પણ લેશમાત્ર પ્રસ્થાપિત થતી ન હોય આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપવાળો ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેતા હોય આ કામના આરોપીઓને શંકાનો લાભ મળી રહેતો હોય તે સંજોગોમાં ઉપરોકત મુદ્દાનો જવાબ **''નકારમાં''** આપી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

**–:: આખરી હુકમ ::–**

(૧) આથી ક્રિ.પ્રો.કો.ક.–કલમ–૨૩૫(૧)અન્વયે આ કામના આરોપી નં. ૧ રાયકા રબારી ઈશ્વરભાઈ રત્નાભાઈ, રહે. પ્લોટ નં.૪૬૮/૨, સેકટર–૪/બી, ગાંધીનગર. આરોપી નં. ૨ પ્રભાતભાઈ જેઠાભાઈ રબારી, રહે. ૧૬૮, સહકાર કોલોની, સેકટર–૨૫, ગાંધીનગર. આરોપી નં. ૩ ચેલાભાઈ વિરમભાઈ રબારી, રહે. સતીના વડ પાસે રબારીવાસ, માણસા,જિ.ગાંધીનગર તથા આરોપી નં.૪ મહેશભાઈ ચેલાભાઈ રબારી રહે. પ્લોટ નં.૫૨૬/૧, સેકટર–૭/બી,

ગાંધીનગરવાળાને ગાંધીનગર સેકટર–૭ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર–153/ 2014, ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૪૩, ૩૬૫, ૩૬૭, ૩૪૨, ૩૮૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા ૧૧૪ મુજબના ગુનામાં પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામમાં કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવો.

(૩) આરોપીઓએ ક્રિ.પ્રો.કો.ક.–૪૩૭(એ) મુજબ નામ. વડી અદાલત સમક્ષ જો ભવિષ્યમાં અપીલ થાય તો તે દરમ્યાન હાજર રહેવા માટેના રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના નવા જામીન તથા જાતમુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૦મી, માહે–જુન, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહિ કરી જાહેર કર્યો.

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

તારીખ :૨૦/૦૬/૨૦૨૪
ગાંધીનગર.

***( સુશ્રી હીતા આઈ.ભટ્ટ )***
***મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.***
***(કોડ નંબર–જીજે ૦ ૦૪૬૪)***

**K.J.PATEL**